ૐ
મા
ૐ




ૐ
મા
ૐ

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ૐ ।।

(વર્ષ ૨૩) ઓક્ટોબર - ૨૦૦૪ (અંક ૨)

॥ ૐ મા ૐ ॥ ॥ જય ગાયત્રી મા ॥ ॥ ૐ મા ૐ ॥

વર્ષ : ૨૩
અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોબર
૨૦૦૪

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

卐

પ્રકાશક
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | કેસરનો પ્રસાદ પધરાવ્યો - રાજયોગી નરેન્દ્રજી | ૧ |
| ૨. | પરમાત્મા આલિંગન આપશેજ | ૧ |
| ૩. | શ્રી કૃષ્ણના સ્વરૂપને સમજીએ | ૩ |
| ૪. | શ્રી કૃષ્ણ સખા શ્રી દીર્ઘજીનો પ્રસ્તાવ | ૫ |
| ૫. | રાજ-કૃષ્ણનો જન્મોત્સવ | ૬ |
| ૬. | રામનવમી | ૧૨ |
| ૭. | ગુરુપૂર્ણિમા | ૧૩ |
| ૮. | ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૦૪ | ૧૬ |
| ૯. | કેવા છો ગુરુ તમે કેવા | ૨૩ |
| ૧૦. | કેવા છો ગુરુ તમે કેવા? | ૨૩ |
| ૧૧. | એવા છીએ અમો એવા છીએ. | ૨૪ |
| ૧૨. | વૈશ્વિક સેવા કેન્દ્ર - નિલોષા | ૨૫ |
| ૧૩. | રાજની કિર્તન યાત્રા | ૨૬ |
| ૧૪. | રાજવાણી | ૨૭ |
| | (૧) આત્મવિશ્વાસ કેળવવો | ૨૭ |
| | (૨) વેલેન્ટાઈન ડે | ૨૮ |
| | (૩) પ્રાર્થનાની શક્તિ | ૨૯ |
| | (૪) માનવ જીવનની સમૃદ્ધિ | ૩૦ |
| | (૫) પ્રમાણિકતાને જીવનમાં અપનાવો | ૩૧ |
| | (૬) આળસની વિષવેલને કાપી નાખીએ | ૩૧ |
| ૧૫. | સમાચાર | ટાઈટલ-૩ |
| ૧૬. | વિદેશનો કાર્યયજ્ઞ | ટાઈટલ-૪ |


॥ ૐ મા ૐ ॥

visit us at :
**www.rajyoginarendraji.com**

અર્ધ વાર્ષિક અંક એપ્રિલ અને ઓક્ટોબર

**આધ્યાત્મિક કેડી : ઓક્ટોબર - ૨૦૦૪** - R.N. 38405/82

મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૨૨૨૫ ૨૦૦૦

## (૧) કેસરનો પ્રસાદ પધરાવ્યો....

તા. ૩-૯-૦૪ ગુરુવારની મધ્યરાત્રિએ મારો હાથ હલાવીને કોઈએ મને ઉઠાડ્યો. હું ભરનિંદ્રામાં હતો તેથી સફાળો બેઠો થઈ ગયો. નાઈટ લેમ્પના પ્રકાશમાં મેં ઘડિયાળમાં જોયું તો રાત્રિના બે અને પચ્ચીસનો સમય બતાવતો હતો. રૂમમાં ધીમે ધીમે પ્રકાશનું ઓજસ વધ્યું અને માતાજીની દેહાકૃતિ પ્રગટ થઈ. યુવતીના સ્વરૂપે, મૃદુ હાસ્ય વેરતાં માતાજી મારી પાસે જ ઉભાં હતા. હું આનંદ અને રોમાંચનો અનુભવ કરતો માતાજીની ચરણવંદના કરવા ઉભો થયો અને માતાજીના ચરણમાં જ ઢળી ગયો. માતાજીએ આશીર્વાદ વરસાવી, સોફામાં મધ્યમાં આસન લીધું. હું ઊઠીને સોફા પાસે ગયો અને માતાજીનાં ચરણમાં બેસી ગયો.

માતાજીએ મને હાથ ઝાલીને સોફામાં તેમની પાસે બેસાડી દીધો. મારા વાંસામાં અને મસ્તક પર મૃદુ, મીઠો હસ્ત પસવારતાં માતૃ વાત્સલ્યની વર્ષા કરી. પછી કાર્યયજ્ઞ વિશે વાતો કરી અને માર્ગદર્શન આપ્યું. વાતોમાં કંઈ કેટલોય સમય વીતી ગયો. પછી માતાજી સોફામાંથી ઊઠીને પાસેના ટેબલ પાસે ગયા અને ટેબલ પર કેસર પધરાવ્યું. માતાજી મને કહે ,હવે તું સૂઈ જા.

પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજીની દેહાકૃતિ એ પ્રકાશપૂંજમાં જ વિલીન થઈ ગઈ. થોડીવાર મીઠા વાત્સલ્યને માણતો અને માતાજીની મીઠી વાતોને વાગોળતો હું સોફામાં જ બેસી રહ્યો. પછી ઊઠીને પલંગમાં આવીને બેઠો. ઘડિયાળ રાત્રિના બે અને પીસ્તાળીસનો સમય બતાવતી હતી.

માતાજીએ આસમાની રંગની સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. કેશ છૂટા હતા, આછા આભૂષણો હતા. સમસ્ત અસ્તિત્વમાં દિવ્ય પ્રકાશની, દિવ્ય તેજની આભા વરતાતી હતી. દિવ્ય સુવાસ સમગ્ર વાતાવરણને મહેંકાવી રહી હતી.

આ વખતે માતાજી ક્યારે પણ નીજ સ્વરૂપમાં પ્રત્યક્ષ પ્રગટ થાય તે હેતુથી સપ્ટેમ્બર મહિનાના પ્રથમ દિવસથી જ અમારા ઘરના સભ્યોએ ભાવસભર પૂજા રૂપે રૂમની સુંદર સજાવટ કરી રાખી હતી. પ્રસાદ ધરાવવા માટે પૂજ્ય માતાજીને મનભાવન વાનગી મેં જાતે જ બનાવવાનો નિર્ધાર કર્યો હતો. પરંતુ માતાજી ત્રીજી તારીખે પધારી ગયાં.

## (૨) પરમાત્મા આલિંગન આપશે જ.....

તા. ૭-૯-૦૪

વ્હાલા પ્રેમના પારેવડાંઓ,

આપ સર્વેનું હાર્દિક સ્વાગત છે. આપની શુભેચ્છાઓ અને ભાવનાઓનો હું પ્રેમપૂર્વક સ્વીકાર કરું છું. દેશ વિદેશમાં વસતા ભાવિકો માટે સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહની પ્રતીક્ષા કંઈક વિશેષ અનુભવગમ્ય બની રહેતી હશે. આધ્યાત્મિક ઉત્સાહનું પર્વ માણવા ભાવિકો સેવાદિન ચોથી સપ્ટેમ્બરથી જ શ્રદ્ધા કુટીરમાં સંધ્યાટાણે સત્સંગ માણવા પધારે છે.

માતાજીના પ્રત્યક્ષ દર્શન કરવાની, અનુભૂતિ કરવાની, સાક્ષાત્કારની, દિવ્યવાણી શ્રવણની ઈચ્છા દરેક ભાવિકને હોય છે. કેટલાક ભાવિકો તો વળી એવું પણ કહેતા હોય છે કે,

પૂજ્ય રાજયોગીને જો માતાજી સદેહે આવીને જન્મદિને વાત્સલ્ય વરસાવતાં હોય, આશીર્વાદ આપતા હોય, કાર્યયજ્ઞ વિષે માર્ગદર્શન આપતાં હોય તો અમે પણ માતાજીના અને ગુરુદેવના બાળકો છીએ ને! અમને પણ પૂજ્ય ગરુદેવના માધ્યમ દ્વારા માતાજીના પ્રત્યક્ષ દર્શન, અનુભૂતિ આશીર્વાદ અને માર્ગદર્શન મળે. કે નહિં? વ્હાલા બાળકો,

આપને પણ માતાજીનો સાક્ષાત્કાર થઈ શકે, માર્ગદર્શન અને આશીર્વાદ મળી શકે, માતાજીની પ્રત્યક્ષતાની અનુભૂતિ પણ થઈ શકે. તમારી ઈચ્છા, તમારી ભાવનાઓ મને અને માતાજીને આવકાર્ય છે. માતાજીને પણ તમને પ્રત્યક્ષ મળવાની, માતૃવાત્સલ્ય વરસાવવાની ઈચ્છા અને અધીરાઈ છે જ.

એક ડૉક્ટર માતાપિતાના બાળકને પણ માતાપિતાની જેમ સફળ અને પ્રતિષ્ઠિત ડૉક્ટર બનવા માટે બાળકે પણ વિવિધ પરીક્ષાઓ તો પાસ કરવી જ પડે, વળી સફળતા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે જરૂરી, યોગ્ય પુરુષાર્થ તો કરવો જ પડે ને! આધ્યાત્મિકતાનાં ઉત્તુંગ શિખર પર પહોંચવા માટે તમારે પણ પુરુષાર્થ તો કરવો જ પડશે ને! તમારે ફક્ત આસક્તિનું આવરણ હટાવવાની અને માતાજીને પહેચાનવાની અને માતાજી દ્વારા તમને થતી અનુભૂતિઓને સમજવાની ક્ષમતા કેળવવાની જરૂર છે.

કેવો પુરુષાર્થ કરવો અને ક્ષમતા કેવી રીતે કેળવવી? તમારી અંતરતમ્ ઈચ્છા હશે તો દિવ્ય માર્ગદર્શન મળી જ રહેશે. મારા અનુભવના આધારે આપની આધ્યાત્મિક ક્ષમતા કેળવવા માટે અને સાત્વિક પુરુષાર્થ કરવા માટે જરૂરી માર્ગદર્શન કરું છું. અપનાવશો તો તમારી ઈચ્છા **"માતાજીના સાક્ષાત્કાર"**ની ફળીભૂત થશે.

(૧) પ્રથમ જરૂરિયાત છે. આપણા તન અને મનની શુધ્ધિ. આહાર, વિહાર અને વ્યવહારમાં શુધ્ધિ અને સમતુલન. સત્સંગ, સ્વાધ્યાય અને સદ્‌ગુરુના શરણથી જ, તેમના આદેશોનું આચરણ કરવાથી જ મનની મલિનતા, મનના વિકારોને મિટાવી શકાય. મનોબળ મજબૂત કરી શકાય. આત્મજાગૃતિ લાવી શકાય.

(૨) ભૌતિક સાધન, સંપત્તિ અને સગવડોમાં સંતોષનો ભાવ કેળવવો જરૂરી છે. સંતોષ હોય તો જ જીવનમાં શાંતિનું સુખ માણી શકાય. સગવડોનું સુખ ક્ષણિક હોય છે, વિભાજીત થતું રહે છે. જ્યારે શાંતિનું સુખ શાશ્વત છે. એષણાઓને ઓગાળ્યા પછી જ મનમાં સ્થિરતા, એકાગ્રતા આવી શકે છે. સાત્વિક વિચારોનું વાવેતર થઈ શકે. મન પરમાત્મા તરફ ઢળવા લાગે. સંતોષનો આવિર્ભાવ થતાં જ ક્ષમા, સહનશીલતા, નૈતિકતા અને અહિંસાનો ભાવ પ્રગટવા માંડે છે. પ્રભુ સ્મરણ, મનન, ચિંતનમાં મન પ્રવૃત્ત થવા લાગે છે. રુચિ દાખવે છે.

(૩) નિયમિત ભાવપૂર્ણ ઉપાસનાની આદત પાડવાથી આપણા ઈષ્ટદેવ, મા ભગવતી સાથે એક આત્મીય ભાવ જાગે છે, આત્મીય નાતો બંધાય છે. ઉપાસનામાં પરમાત્માના સ્મરણ અને સ્વરૂપને જ ભાવપૂર્વક કેન્દ્રમાં રાખીને તમે નામસ્મરણ, જપ, તપ, ભજન, કીર્તન, સેવા, પ્રાર્થના, પૂજા વગેરે ભક્તિની કોઈપણ પધ્ધતિ અપનાવો, પરમાત્માને તે સ્વીકાર્ય છે. એકવાર આત્મીયતા કેળવાઈ જાય પછી તો પરમાત્મા તમારા ઈષ્ટના સ્વરૂપમાં, તમારા મિત્ર, સખા, હિતેજીંવજ્ઞના સ્વરૂપમાં, અરે, તમે પુકારો તે સ્વરૂપમાં તમને મળવા માટે આવશે. તમારી સર્વાંગી

સંભાળ લેવાની જવાબદારી સ્વીકારી લેશે. પરમાત્માને જ તમારા જીવનનું કેન્દ્ર બિન્દુ બનાવો અને તમે તેની ત્રિજ્યામાં કેન્દ્રથી જોડાયેલા જ રહો. પરમાત્માનો સતત સ્પર્શ તમારી ચેતનાને ચેતનવંતી બનાવતો રહેશે. તમારા આભામંડળને વધુ પ્રકાશિત અને ઘટ્ટ બનાવશે.

(૪) સંસારમાં આપણું અસ્તિત્વ કર્મ કરવા માટે અને પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે જ છે. કર્મ કરાવવા માટે અને કર્મ ભોગવવા માટે....

પણ આપણામાં શારીરિક, માનસિક અને આત્મિક શક્તિની જરૂર છે. આપણી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિનો સાત્વિક વિનિયોગ આપણું સાત્વિક, ઉજળું પ્રારબ્ધ નિર્માણ કરે છે. આપણું આત્મબળ વધારે છે. જીવનનાં ઝંઝાવાતો સામે ઝઝૂમવાની, જીતવાની ટક્કર ઝીલવાની ક્ષમતા, સહનશીલતા કેળવે છે. આપણું આત્મબળ આપણામાં જ વિલસિત આત્મરામની અનુભૂતિ કરાવી આપે છે. પરમાત્મા સાથે અનુસંધાન કરાવી આપે છે.

(૫) જીવનમાં આધ્યાત્મિક પંથના પ્રવાસી બનવા માટે આધ્યાત્મના ઉત્તુંગ શિખરો સર કરવા માટે, હ્રદય સિંહાસન પર વિરાજીત આત્મતત્વની અનુભૂતિ કરવા માટે, પરમાત્માના સાકાર સ્વરૂપે દર્શન કરવા માટે, જીવનમાં ત્યાગ અને સંયમનો ગુણ કેળવવો પડે. જીવન વ્યવહાર અતિ સરળ બનાવવો પડે. મન અને ઈન્દ્રિયો પર સંયમ કેળવવો પડે, એષણાઓનો ત્યાગ કરવો પડે.

પરમાત્માની કૃપા અને સંત સદ્‌ગુરુના આશીર્વાદ અને માર્ગદર્શનથી આપણો આધ્યાત્મિક પંથ સરળ બની શકે છે. પરમની અનુભૂતિ, સહાય, સાક્ષાત્કાર શક્ય બને છે.
આપ સર્વે આ પાંચ પગથિયાં ચઢી જાવ તો પરમાત્મા સ્વયમ્ એમનો હસ્ત લંબાવી આપને નીજની સમીપ ખેંચી લેશે, આલિંગન આપશે. **મારા આપ સર્વેને આશીર્વાદ છે. ૐ મા ૐ**

## (3) શ્રી કૃષ્ણના સ્વરૂપને સમજીએ

તા. ૭-૯-૦૪

**વ્હાલા સખા અને સખીઓ,**

શ્રી કૃષ્ણનો જન્મ અને કર્મ **"જનહિતાય, જન સુખાય"** માટે જ હતાં. બાળક અને કિશોર શ્રી કૃષ્ણની યાદ આવતાં મોરપીંછ ધારી, વાંસળી વગાડતા, રાસ રમતા, ગાયો ચરાવતા તેમજ વિવિધ બાળ લીલાઓ કરતા કનૈયાની છબી માનસપટ પર ઊપસી આવે છે.

યુવાન શ્રી કૃષ્ણની યાદ વિષ્ણુ સ્વરૂપે શેષશૈયા પર શયન કરેલા, ચરણની સેવા કરતા લક્ષ્મીજી, શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલા લક્ષ્મીજીની સેવા સ્વીકારતા, પ્રસન્ન મુખાકૃતિ ધરાવતા શ્રી કૃષ્ણની ચારભૂજા ધારી વિષ્ણુના સ્વરૂપની છબી માનસ પટ પર ઊપસી આવે છે.

આપણી વૈદિક સંસ્કૃતિ એટલી ગૂઢ, અર્થસભર છે. પરમાત્માના વિવિધ સ્વરૂપોના દર્શન, તેમના આયુધો, પ્રતિકો અને તેમનું પ્રત્યેક કાર્ય, માનવને સમાજને, શીખ આપવા માટે જ હોય છે.

આજે આપણે વિષ્ણુ ભગવાનની ચારભૂજાઓમાં શોભતા વિવિધ આયુધો અને પ્રતિકોનો ભાવાર્થ સમજવા પ્રયત્ન કરીએ. લક્ષ્મીજી સ્વયમ્ શ્રી વિષ્ણુના ચરણની સેવા કરે છે.

**શેષ શૈયા** પર આરામ કરતા શ્રી વિષ્ણુનું સ્વરૂપ આપણને શીખવે છે કે, દૂષણો યુક્ત

ઝેરીલી વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું થાય તો નિર્ભય બનો, દૃઢ મનોબળ કેળવો. સાત્વિકતા અને દૃઢ સંકલ્પશક્તિ કેળવવાથી જીવનમાં નિર્ભયતા આપોઆપ કેળવાઈ જાય છે. આપણા સરળ વ્યવહાર અને નૈતિકતાથી આપણી ફરતે એક પ્રભાવિત આભા પ્રસરી રહે છે. જેથી આસુરી વૃત્તિવાળી વ્યક્તિઓ આપણા વશમાં રહી શકે અથવા આપણું અહિત કરવા ધારે તો પણ કરી શકતી નથી.

**લક્ષ્મીજી** ચરણ સેવા કરે છે. તેનું તાત્પર્ય મારી દૃષ્ટિએ એવું છે કે, ચરણ એ આચરણનું પ્રતિક છે. સરળ, શુધ્ધ અને સેવાયુક્ત સાત્વિક અને નૈતિક આચરણ, જીવનવ્યવહારમાં હોય તો લક્ષ્મીજી હંમેશાં આપણા પર પ્રસન્ન રહે છે, નારાયણની સાથે વાસ કરતી લક્ષ્મી હંમેશાં કલ્યાણકારી, સૌભાગ્ય દેનારી જ હોય છે. આપણા મન અને વિચારોને ઊર્ધ્વગામી, રચનાત્મક પ્રવૃત્તિમાં પ્રવૃત કરે છે. વિષ્ણુનું પ્રસન્ન, વદન દર્શાવે છે કે, કોઈપણ પરિસ્થિતિમાં હંમેશાં પ્રસન્ન, આનંદી રહેવાથી આપણા તન, મન, અને આત્માનું સૌંદર્ય ખીલી ઉઠે છે. હસ્તમાં શંખ દર્શાવે છે કે, હંમેશા સાત્વિક જ્ઞાનનો પ્રચાર કરો, સત્ય અને ન્યાયની જ તરફેણ કરો.

**ચક્ર**નું પ્રતિક જીવનમાં ગતિશીલતા, ઉધમ, પુરુષાર્થ દર્શાવે છે. પુરુષાર્થ કરીને જ આપણે આપણા પ્રારબ્ધને ઘડવાનું છે. બદલવાનું છે. જીવનમાં ક્યારેય નિષ્ક્રિયતા વ્યાપે નહિં, આળસ પ્રવેશે નહિ. તેની તકેદારી રાખવી જોઈએ. જીવનના કોઈપણ તબક્કામાં તન અને મનને પ્રવૃત રાખો.

**ગદા** એ શક્તિનું પ્રતિક છે. સાત્વિક શક્તિનો સમન્વય સાધીને સ્વ અને સમષ્ટિના સેવાકાર્યમાં, ઉત્કર્ષમાં અનાસક્ત ભાવે જોડાઈ જાવ. તન, મન, ધન, આત્માની જ્ઞાનની શક્તિનો સદ્‌ઉપયોગ સમષ્ટિના - શ્રેયાર્થે વાપરવાનો જ આગ્રહ રાખવાથી પરમાત્માની દિવ્ય શક્તિનો પ્રવાહ આપણી અંદર વહેતો વર્તાય છે.

**પદ્મ** એટલે કમળ, અલિપ્ત, અનાસક્ત ભાવ કેળવવાનું પ્રતિક છે. કાદવમાં, જળમાં રહેવા છતાંય તેનાથી લેપાતું કે ખરડાતું નથી.

કમળ તેની કોમળતા, સૌંદર્યતા, સુવાસના ગુણને વિપરિત પરિસ્થિતિ અને વાતાવરણમાં પણ અકબંધ રાખી શકે છે. આપણું અસ્તિત્વ પણ સંસારની માયાજાળ, પ્રલોભનો, દૂષણોથી ઘેરાયેલું વાતાવરણ અને અનેક અડચણોથી ઘેરાયેલું હોવા છતાં પણ જો આપણે અનાસક્ત, નિર્લેપભાવ કેળવીએ તો આપણું જીવન કમળ જેવું સુંદર, સુવાસમય બની શકે.

નરમાંથી નારાયણ, માનવમાંથી મહામાનવ બનવા માટે આપણે શ્રી કૃષ્ણના સ્વરૂપને, તેમના ઐશ્વર્યનો તાત્વિક અર્થ સમજીએ અને આપણા જીવનમાં અપનાવીએ તો જ તેમના પ્રાગટ્યની ઉજવણીનો સાચો આનંદ માણી શકાય. વર્ષો વીતી ગયાં છતાં પણ શ્રી કૃષ્ણ આજે પણ લોક હ્રદયમાં અદકેરું સ્થાન પામી શક્યા છે.

શ્રી કૃષ્ણ ભગવાનનાં પ્રાગટ્યને તેના સ્વરૂપને અને ઐશ્વર્યને સમજવાની અને જીવનમાં અપનાવવાનો સાત્વિક પુરુષાર્થ કરવાની શક્તિ અને બુધ્ધિ મા ભગવતી અર્પે એવી આશીર્વાદ.

ૐમાૐ

## (૪) કૃષ્ણ સખા શ્રી દીર્ઘજીનો પ્રસ્તાવ..

રાજયોગીજી                                                                                      તા. ૭-૯-૦૪

"હે સખા, આપ દ્વારિકામાં આપનો જન્મ દિવસ ઉજવો" શ્રી દીર્ઘે શ્રી કૃષ્ણ ભગવાનને સખા ભાવે વિનંતી કરી.

"ભલે તું આયોજન કર". શ્રી કૃષ્ણે સહજભાવે શ્રી દીર્ઘના પ્રસ્તાવને આવકારતાં આયોજન કરવા જણાવ્યું.

તા. ૪-૭-૦૪ બુધવારે રાતે સ્વપ્નમાં મેં શ્રી કૃષ્ણ અને શ્રી દીર્ઘનો વાર્તાલાપ સાંભળ્યો. દ્વારિકાનગરીના રાજદરબારનો શણગાર અવર્ણનીય, અદભૂત હતો. આજે દ્વારિકાવાસીઓ, સુંદર વસ્ત્રપરિધાન કરેલા હર્ષોલ્લાસમાં રાજદરબાર તરફ જતા મેં જોયાં. ગોકુળ, વૃંદાવનનાં ગોપગોપીઓ, મથુરાવાસીઓ વિવિધ વેશ પરિધાન કરેલા " કૃષ્ણ કનૈયાલાલ કી જય" બોલાવતા, રાજદરબારમાં પ્રવેશતા મેં જોયા. મેં મારી જાતને પણ ગોકુળવાસીઓના વૃંદમાં યુવા સ્વરૂપે ધોતી અને કેડીયું પરિધાન કરેલ નંદબાવા સાથે ગોષ્ઠિ કરતો જોયો.

નંદબાવા સાથે હું દ્વારિકાધીશ પાસે પહોંચ્યો. શ્રી કૃષ્ણ અને નંદબાવાનું મિલન મેં નજરે નિહાળ્યું. અદભૂત ભાવોર્મિઓ બંને પિતા પુત્રના મુખારવિંદ પર વર્તાતી હતી. થોડીવાર પછીમેં સખાભાવે મારો હાથ લંબાવ્યો, અને મારા પ્રિય સખા કૃષ્ણે મને પાસે ખેંચી લીધો અને હ્રદયસરસો ચાંપી આલિંગન આપ્યું. દિવ્ય સ્પર્શથી રોમાંચ અનુભવતો હું જાગી ગયો. સ્વપ્ન પૂરૂં થયું પરતું મારી આંખોમાં હર્ષાશ્રૂ વહેતા હતા. મારા માનસ પટ પર શ્રી કૃષ્ણના જન્મદિવસના મહોત્સવનું ચિત્ર અંકિત થઈ ગયું છે.

હવે મારા મનમાં વિચાર આવ્યો કે, શ્રી દીર્ઘે સખા શ્રી કૃષ્ણને દ્વારિકામાં તેમનો જન્મદિવસ ઉજવવાનો પ્રસ્તાવ મૂકવા પાછળ અને શ્રી કૃષ્ણે સહર્ષ સંમતિ આપી દીર્ઘજીને ઉત્સવનું આયોજન કરવા જણાવ્યું તેનો હેતુ શું હશે?

મારા મનમાં જ જવાબ સ્ફૂરે છે કે, બાળપણ, કિશોરવય અને યુવાનીમાં ઘણો જ સંઘર્ષ વેઠીને પણ ધર્મ ન્યાયના પક્ષે રહી, સહજ લીલાઓ કરી વ્રજવાસીઓના, મથુરાવાસીઓના, પાંડવકુળના હ્રદયમાં પ્રેમભર્યું શાશ્વત સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જન્મોત્સવની ઉજવણી થકી દ્વારિકાવાસીઓ અને જગતના માનવીઓને, શ્રી કૃષ્ણના જીવનની ઝાંખી કરાવી, જીવનમાં ધર્મ ન્યાય અને નિષ્કામ કર્મનો સંદેશ આપવાનો હેતુ જ દીર્ઘ દ્રષ્ટિવાળા સખા શ્રી દીર્ઘજીએ દ્વારિકામાં દ્વારિકાધીશ બન્યા પછી જન્મોત્સવ ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો હશે.

અસ્તુ..... જયશ્રી કૃષ્ણ....

# (૫) રાજ-કૃષ્ણનો જન્મોત્સવ

*હેમંતભાઈ ઉપાધ્યાય* *તા. ૭-૯-૦૪*

(તા. ૭-૯-૨૦૦૪ ના રોજ પી.જી. મહેતા હોલમાં ઉજવાયેલ પૂજ્યશ્રીના જન્મદિને અને જન્માષ્ટમી મહોત્સવનો અહેવાલ)

અઢાર વર્ષ પછી પૂજ્યશ્રીનો જન્મદિવસ તા. ૭-૯ અને શ્રી કૃષ્ણનો જન્મદિવસ - જન્માષ્ટમી એકજ દિવસે આવ્યા. પૂજ્યશ્રીનો જન્મ પણ આઠમે અને તે રાત્રે બાર વાગે જ થયો છે. પણ તે ભાદરવાની આઠમ હોઈ રાધાષ્ટમી તરીકે પ્રચલિત છે. પૂજ્યશ્રી અને શ્રી કૃષ્ણમાં ઘણુંજ સામ્ય છે. શ્રી કૃષ્ણના જીવનમાં સાતના અંકનું ઘણુંજ મહત્વ છે. જેમ કે પ્રભુએ સાત વર્ષની ઉંમરે જ ગોવર્ધન ધારણ કર્યો. સાત દિવસ સુધી ગોવર્ધન ધારણ કર્યો. પ્રભુની વેણૂમાં સાત છીદ્રો અને પ્રભુના મંત્રનો જોડાક્ષર સાથે ગણાતા સાત અક્ષરો "શ્રી કૃષ્ણ શરણંમમ્" પૂજ્ય ગૂરૂદેવનો જન્મ સાતમી તારીખે તેમના બંગલાનો નંબર સીત્યોતેર -૭૭ બે સાત પૂજ્યશ્રીને ૧૯૭૫ થી ૨૦૦૪ સુધી થયેલી માતાજીની અનુભૂતિઓ છે. જે નોંધાઈ છે તેમાં સાત સ્થાનો (૧) પૂજા રૂમ (૨) પૂજા સ્ટેન્ડ, (૩) પૂજા કબાટ, (૪) અંબાજીની રૂમ, (૫) વાડામાં. (૬) વરંડામાં અને (૭) પેસેજમાં.

ખેર ? બંને અવતારો છે અને બન્નેનો જન્મદિવસ એક જ  જગ્યાએ ઉજવાતો હોય ત્યારે તે સ્થળ પણ પવિત્ર તીર્થ બની જાય છે અને તેથી જ આજે પી.જી.મહેતા હોલમાં સવારથી ભક્તોની ભીડ છે. આજે હોલમાં સાદો શણગાર છે. મુખ્ય દરવાજે **Happy birthday to Rajyogy narendraji** નું તોરણ બંધાયું છે. પૂજ્યશ્રીની બેઠક પાછળ પણ **Happy birthday -73** લખાયું છે અને ૐ મા ૐ નું તોરણ છે. હોલમાં પૂજ્યશ્રીના છેલ્લા - ૨૦ વર્ષની સુંદર તસ્વીરો દ્વારા કેટલાય પ્રસંગોના ઇતિહાસની સ્મૃતિ તાજી કરાવાઇ છે.આ તસ્વીરોપણ ૨૦ જ છે અને તેમાં પૂજ્યશ્રી કુલ ૮૬ વખત દ્રશ્યમાન થયા છે. ખૂબ સમજવા જેવું છે કે ૮૬ એટલે આઠ અને છ આઠમનો જન્મ... રાજનો અને શ્રીકૃષ્ણનો બન્ને દ્વારા છ ષડ્રિપૂ પર વિજય મેળવવાના ઉપદેશ અપાયા છે. કામ, ક્રોધ , લોભ, મોહ, મત્સર અને મદ બન્ને ના છ પ્રમાણ છે. પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ,ઉપમાન, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ.. તસ્વીરો દ્વારા પૂજ્યશ્રીના વીસ વર્ષના ઇતિહાસને તાદશ્ય કરવા બદલ ભાઇશ્રી મનેષને ખૂબ ખૂબ અભિનંદન...

બરાબર ૯ વાગે પૂજ્યશ્રી પધાર્યા છે. ક્રીમ કલરનું પીતામ્બર તામ્રરંગની કફની, નવરંગી ખેસ, ગળામાં દ્ર લખેલ પેન્ડન્ટ અને પગમાં મોજડી પૂજ્યશ્રીનું આ કૃષ્ણસ્વરૂપ જોઇને ભક્તો હરખાઇ ગયાં... તેઓના પ્રેમમય પગલાં, હેતમય સ્મિત, અમી ભરેલી દ્રષ્ટિ, મોહક પગલાં અને સહુના સ્વાગતને આવકારતો ઉંચો હાથ...પૂજ્યશ્રીની આ મનભાવન ઝાંખી કરીને ભક્તો ધન્ય થઇ ગયાં સ્વાગતમાં છડી પોકારાઇ છે. તેઓશ્રીએ મનેષભાઇ દ્વારા પ્રદર્શિત આ તસ્વીર પ્રદર્શન ને નિહાળ્યું છે. અતીતના સ્મરણોમાં ખોવાયા છે. અને મનેષભાઇના પરિશ્રમને આશીર્વાદ આપ્યાં છે.

બરાબર ૯-૧૦ મિનિટે ભક્તો સાથે તેઓએ મીઠો વાર્તાલાપ કર્યો છે. પૂ.બહેનજીએ ગુરુવંદનાના શ્લોકથી વંદના કરાવી છે. અને નરેન્દ્રઅષ્ટકનું સમુહગાન ગાયું છે. " જ્યોત સે જ્યોત જગાતે ચલો" ગવાયું છે. પૂજ્યશ્રીના સેવાયજ્ઞોની આદર્શોની આદેશોની અને તેઓના

શિસ્તની જ્યોત ભક્તો દ્વારા પ્રજવલિત જ રહે અને અનેકો સુધી પૂજ્યશ્રીની વિચારધારાના માધ્યમ બનીએ તેવી પ્રાર્થના હતી. હવે સહુએ હેપી બર્થ ડે ટુ યુ ગાઇને પૂજ્યશ્રીના ચરણોમાં પ્રણામ કર્યાં છે.

સવારે ૯-૩૦ વાગે ચરણવંદના નો કાર્યક્રમ શરૂ થતાં ઇડરના ભક્ત શ્રી અરવિંદભાઇએ પૂજ્યશ્રીના આશીર્વાદથી, તેઓની પત્નીના કીડની સ્ટોનના ઓપરેશન માં મળેલી અકલ્પ્ય સફળતાનું પૂજ્યશ્રીને બયાન કર્યું છે. તેઓ પૂજ્યશ્રીને વંદના કહેતાં કહેતાં ભાવવિભોર બન્યાં છે અને પૂજ્યશ્રીએ સાંત્વના આપી છે. હવે ભક્તોની લાંબી કતારો થઇ છે. દરેક ભક્ત પૂજ્યશ્રીના ચરણોમાં મસ્તક નમાવીને પૂજ્યશ્રીના પ્રેમાળ સ્પર્શ અને સ્નેહાળ આશીર્વાદ પામી ધન્ય બને છે.

પૂજ્યશ્રીના એક ભક્ત શ્રી નારણભાઇએ આજે એક સુંદર તસ્વીર પૂજ્યશ્રીના ચરણોમાં ભેટ ધરી છે જેમાં દર્શાવાયું છે કૃષ્ણ સખા રાજયોગી... નીચે લખાયું છે રાજયોગી સખા કૃષ્ણ...પૂજ્યશ્રીના નવ સૂત્રોના પ્રતિક તરીકે બંસરીમાં નવ છિદ્રો બતાવાયાં છે. ૐ મા ૐ ના લખાણ સાથે ત્રણ સ્વસ્તિક બતાવાયાં છે કે, ત્રણેય લોકમાં આ પરમશક્તિ મંત્ર લાભકારી રહેશે. શ્રીનારણભાઇની કલ્પના અને સુંદર ચિત્રકામ ખૂબ પ્રશંસનીય રહ્યા. પૂજ્યશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યાં અને હાજરભક્તોએ તેમની કલાને વખાણી. તેમને અભિનંદન.

ભક્તોની વણથંભી કતાર ક્યાંય વિસામો લેતી નથી. બપોરના એક વાગ્યા સુધીમાં લગભગ ૧૨૭૫ ભક્તોએ પૂજ્યશ્રીની ચરણવંદના કરી ધન્યતા અનુભવી.

આજે પ્રસાદમાં મોરૈયાની ખીચડી, કઢી, બટાકાની સુકી ભાજી તથા દુધીનો હલવો પીરસાયાં છે. જન્માષ્ટમીના ઉપવાસને અનુલક્ષીને બધું જ ફરાળી રખાયું છે. બધીજ વાનગીઓ ખૂબ સ્વાદિષ્ટ હતી અને ભક્તોએ પ્રેમથી આરોગી હતી.

સાંજના સત્સંગનો સમય ૪ વાગ્યાનો નક્કી થયો હતો. પૂજ્યશ્રી બરાબર ૩-૩૫ વાગે હોલમાં પધાર્યા છે. અચાનક આગમનથી કેટલાક ભક્તો હેબતાઇ ગયા છે તો આયોજકો પણ મુંઝાઇ ગયા છે. ક્રીમકલરનો ઝભ્ભો અને ચુડીદાર ઉપર લોંગ કોટી, ગળામાં મોતીની માળા, રાજાશાહી ઠાઠ અતિ સૌમ્ય છતાંય મલકતું મુખારવિંદ પ્રભાવશાળી પગલાં અને આશીર્વાદ આપતો ઊંચો હાથ...પૂજ્યશ્રીના આ સ્વરૂપને બસ નિરખ્યાં જ કરો તેવું મન થાય...સાથે પૂ.બહેનજી, પૂ.ઉષાજી. પૂ.કુસુમબા છે. ગાયકવૃંદે સુંદર સ્વાગત ગીત ગાયું છે. જગજનની તારા બાળકુંવરની જન્માષ્ટમી ઉજવાતી. ગીતના સુંદર શબ્દો અને કર્ણપ્રિય વાદ્યવૃંદના સાથે આખાય વાતાવરણને આનંદમય બનાવી દીધું.

પૂ.બહેનજીએ શરૂઆત કરતાં કહ્યું કે તમને બધાને પૂજ્યશ્રીએ એક આનંદજનક આશ્ચર્ય આંચકો આપીને સમજાવવા પ્રયત્ન કર્યો છે કે, પ્રભુ અથવા ગુરૂદેવ, ગમે તે સમયે ગમે ત્યાં આવી જાય માટે હંમેશાં તૈયાર રહેવું. હવે મુંબઇથી આવેલા શ્રી દતુભાઇએ એક સ્વરચિત સુંદર ગીત ગાયું જેના શબ્દો છે...

**જાગો ઉઠો સુનલો,**
**ૐ મા ૐ હૈ દિવ્યમંત્ર,**
**યહી હમારા નારા હૈ.**

**ઈસી મંત્રકો લેકર હમકો,**
**પ્રેમકી જ્યોત જલાના હૈ...**

ભક્તોએ આ ગીત તાળીઓથી વધાવી લીધું. ખૂબ સુંદર રચના બદલ દત્તુભાઇને અભિનંદન. હવે શ્રી નીરવ રાજસુબા લિખિત ભાવોર્મિ યોગેશભાઇએ વાંચી સંભળાવી, કેટલીક પંક્તિ

**શ્રીકૃષ્ણ એના એ જ રહ્યાં યુગો બદલાઇ ગયાં,**
**શાસ્ત્રો એના એ જ રહ્યાં, સિધ્ધાંતો બદલાઇ ગયાં...**

હવે શ્રી સતિષભાઇએ પોતાની ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું કે...

**રંગ અને પીંછી છે હરેકના હાથમાં,**
**ક્યાં કોઇ રંગભર્યું હદય ચીતરાય છે,**
**રાજ, કહું પ્રેમથી તો પ્રેમ છલકાય છે.**

તેઓશ્રીએ પૂજ્યશ્રીના રેવન્યુ કોડના જ્ઞાનની તથા આઇ.પી.સી કોડની વિદ્વતાની વાતો કરીને સહુને અચંબામાં નાંખી દીધા.

હવે શ્રી મુંજાલભાઇએ એક સુંદર રચના રજૂ કરી. પૂજ્યશ્રીના કૃષ્ણસ્વરૂપ ને તથા અકથિત પ્રસંગોને ગજબની વાક્યરચનામાં ગુંથીને તેઓએ કહ્યું " અમે એ ક્યાં પુછ્યું છે? " તેઓની શૈલી, શબ્દો રજૂઆત અને વિષય વસ્તુ અતિ પ્રશંસનીય રહ્યા... તેઓને ધન્યવાદ ઘટે. ભક્તોએ અનેક વખત તાળીઓ પાડીને તેમની રચનાને વધાવી લીધી.

હવે શ્રી હેમતંભાઈએ પોતાની શબ્દોર્મિ રજૂ કરતાં કહ્યું કે...

**સાત અને નવ વચ્ચે આઠમે દીધો સાદ**
**મા જગજનનીએ નીજલીલાનો અર્પ્યો પ્રસાદ.**
**અમે સહુ કર જોડી, પ્રાર્થીએ નાથ અમારાં**
**નજર અમે પર રાખજો ને દુર્ગુણોને દેજો ટાળી...**

હવે શ્રી રમેશભાઈ બારોટે "અષ્ટમી યોગ" નામક પોતાની કૃતિ રજૂ કરતાં કે...

**"કદમ્બ ડાળથી શ્રધ્ધા કુટિર, ઝૂલાનું કેવળ સ્થાન બદલાયું**
**રમતું હતું હોઠે જે વેણુગીત, હવે મોહક સ્મિતમાં ફેરવાયું...**
**નથી ભૂલ્યાં તમે વૃંદાવન રાસ, શ્રધ્ધા ચોકમાં લાવ્યા છો**
**ધર્યા નથી મોરપિચ્છ, મુગુટ તેથી શું?**
**મોર મા નો બનીને આવ્યા છો.**

ભકતોને આ રચના ખૂબ ગમી અને સહુએ તાળીઓથી વધાવી લીધી. હવે ભાઈશ્રી રાજીવ જોષીએ ખૂબ સુંદર હાસ્ય ટુચકાઓ સંભળાવીને સહુને આનંદમય બનાવીને ખૂબ હસાવ્યા... એક નાનકડા કલાકારશ્રી તપન ત્રિવેદીએ પણ પ્રચલિત રાષ્ટ્રીય નેતાની વાણીની આબેહુબ નકલ કરી બતાવીને સહુને આશ્ચર્યચક્તિ કરી દીધાં છે.

હવે ભાઇશ્રી મુંજાલે સ્વરચિત ગીત ગાયું ...આખા ગીતના ભાવાર્થને તેમણે ખૂબ સરસ રીતે સમજાવ્યો ...ગીતના શબ્દો છે...

**એક પારણામાં આજે બે કૃષ્ણ સંગ જોયા,**
**એક શ્યામવર્ણ સોહે, એક ગૌર રંગ જોયા...**

પૂજ્યશ્રી અને શ્રીકૃષ્ણના એક સાથે આવેલ જન્મદિનને તેમણે ભાવવાહી શબ્દોથી ખૂબ સમજ્યો... સહુ ભક્તોને આ રચનાના એક એક શબ્દથી અતિ આનંદ થયો...તેઓએ એક બીજું ગીત પણ ગાયું જેના શબ્દો છે....

**મને એક ભરોસો મારા માવાનો,**
**એ તો હર જન ને મળી જાવાનો,**
**એ તો જનમો જનમ મળી જવાનો... (માવો એટલે મોહન)**

તેઓશ્રીની આ રચના પણ બધાને ખૂબ ગમી અને સહુએ અત્યંત હર્ષમય કરનાદથી તેને વધાવી લીધી.

હવે પરમ પૂજ્ય ગુરૂદેવને આજના દ્વિમહોત્સવ પ્રસંગે આશીર્વચન આપવા વિનંતિ થઇ, તેઓશ્રીએ પ્રથમ ૪-૯-૦૪ ને 'સેવાદિન' નિમિત્તે પોતાના આપેલા આશીર્વચનને વાંચી સંભળાવ્યા, જેનો ટૂંકસાર એ છે કે, આપણે આપણા દેહને સેવાકેન્દ્ર બનાવીએ. આપણી રૂચિ, જ્ઞાન, સમજણ, શક્તિ અને સમયની મર્યાદા અનુસાર દરેક વ્યક્તિ સેવાકેન્દ્ર બને. તન ઘસીને, મન મૂકીને અને ધન ખર્ચીને હૃદયના ભાવ સાથે દરેકની સ્વજનસમ સેવા કરીએ. આજના દિને પૂજ્યશ્રીના આશીર્વચન આ પ્રમાણે હતા, શબ્દ સહ સ્વતંત્ર રીતે રજૂ કરાયાં છે.

હવે તેઓશ્રી એ પોતે માણેલ સ્વપ્નની વાત કરી, જેમાં દ્વારીકાનગરીમાં શ્રી કૃષ્ણનો જન્મોદિવસ ઉજવાતો હોય છે. નગરવાસીઓ સુંદર વસ્ત્રપરિધાન કરેલાં રાજદરબાર તરફ જઈ રહ્યા છે. પૂજ્યશ્રીએ યુવા સ્વરૂપે, ધોતી અને કેડીયું પરિધાન કરેલાં છે. અને નંદબાબા સાથે ગોષ્ઠિ કરતા હોય છે. થોડીવાર પછી, નંદબાબા અને કૃષ્ણનું મિલન થાય છે. પિતા-પુત્રના મુખારવિંદ પર અદભૂતપૂર્વ ભાવોર્મિઓ છે. પછી શ્રી કૃષ્ણ, પૂજ્યશ્રીને પોતાની પાસે ખેંચી લે છે. અને હ્રદય સરસો ચાંપીને આલિંગન આપે છે. દિવ્યસ્પર્શના રોમાંચ સાથે પૂજ્યશ્રી જાગી જય છે.

પૂજ્યશ્રીના આજના બંને ઉદ્‌બોધન અતિ સરળ છતાંય ગૂઢ મર્મ ભરેલાં છે. સાક્ષાત્કારની મહેચ્છાને પૂર્ણ કરવાના પાંચ પગથિયાં શુધ્ધિ, સંતોષ, ઉપાસના, કર્મબંધન, અને ત્યાગ. તેઓશ્રીએ ખૂબ સ્પષ્ટ સમજ આપી કે, દરેકને સાક્ષાત્કારની અનુભૂતિ થઈ શકે. પૂજ્યશ્રીના પ્રોત્સાહક આશીર્વાદને કોટિકોટિ વંદન. તેઓશ્રીએ શેષ શૈયા પર શયન કરેલા શ્રી વિષ્ણુના સ્વરૂપને તેમજ તેઓના આયુધોની ખૂબ સુંદર સમજ આપી. તેઓશ્રીના ઉદ્‌બોધનનો એક એક શબ્દ સરળ, સચોટ છતાંય સ્પષ્ટ છે. તેઓશ્રીના ચરણોમાં આપણા સહુના સાષ્ટાંગ્ પ્રણામ.

હવે મુંજાલભાઈ સરસ ગીત ગાય છે. હે કનૈયા... કામણ કેવું કીધું, ભક્તહ્રદયનું ગોરસ ભગવંત ભાવથી લૂટીં લીધું. સહ્ ભક્તો આનંદ અને પ્રેમથી આ ગીતનો ઝીલે છે, ખૂબ સુંદર વાતાવરણ છે. પૂજ્યશ્રીએ વસ્ત્રપરિવર્તન કર્યા છે. હવે તેઓશ્રીએ કેસરી અચકન, સુરવાલ ધારણ કર્યા છે. કમર પર ખેસ બાંધેલ છે. ગળામાં મોતીની માળા છે. પૂજ્યશ્રીના આ રૂપમાં શ્રી કૃષ્ણની ઝાંખી થાય છે. ભક્તો પૂજ્યશ્રીની ઝાંખી કરતાં ધરાતાં નથી. સ્ટેજ પર મટકી બાંધેલ છે. પૂજ્યશ્રી મટકી પાસે ખૂબ ભાવમય નૃત્યભાવના રજૂ કરે છે. ક્યારેક તેઓ આરોગવાના તો ક્યારેક રમવાના ભાવ પ્રદર્શિત કરે છે. તેઓના મુખારવિંદ પર દ્રશ્યમાન પ્રેમભાવ, અતિ પ્રિય

લાગે છે. મટકી નો અર્થ સમજવા જેવો છે. ષડ્‌રિપૂઓ મ - મણિધર અર્થાત આપણા ષડ્‌રિપૂઓ ટ - ટહેલ અને કી - ક્રીડા - રમત, આપણામાં રહેલાં ષડ્‌રિપૂઓને ઓળખી તેઓને નાથવાની - ફોડી નાખવાની ટહેલ કરતી આ ક્રીડા પૂજ્યશ્રીના નૃત્યભાવ દ્વારા આ લક્ષ્ય બહુ સ્પષ્ટ દેખાતું હતું. બરાબર ૬-૦૯ મિનિટે તેઓશ્રીએ મટકી ફોડી છે. તેઓના હાથમાં એક નાનો દાંડીયો છે. ખૂબ સમજવા જેવું છે કે, ૬-૦૯ એટલે છ ષડ્‌રિપૂઓ પર ૯ એટલે નવસૂત્રો દ્વારા, દાંડીયાથી અર્થાત પૂજ્યશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી પ્રહાર, અને જેની મટકી ફૂટી જાય, તેના જીવનમાં કૃપા આનંદ પ્રસરી જાય અને તેના આશિષ મેળવવાની ઝંખના થાય. આ ભાવ સાથે દરેકને પ્રસાદ અપાયો છે. પૂજ્યશ્રીએ પોતાના સ્વહસ્તે આ પ્રસાદ સર્વેને વહેંચીને દરેકને કૃતાર્થ અને ધન્ય બનાવ્યા છે. તેઓશ્રીના જન્મદિવસની આ વિશેષ પ્રસાદી છે. અર્થાત્ આપણામાંથી ષડ્‌રિપૂઓના સંહાર માટેજ તેઓએ જન્મધારણ કર્યો છે... પૂજ્યશ્રીના આ સાંકેતિક જ્ઞાનદાનને કોટિકોટિ વંદન. હવે પૂજ્યશ્રી સ્વકંઠે સ્વરચિત સુંદર ભજન ગવડાવે છે. "જય જય શ્રી કૃષ્ણવ્હાલા, યશોદાના લાલા" ભક્તો કહો કે ઘેલા નહીં, આનંદમાં ગાંડા થાય છે. દરેકના મુખ પર આનંદ અને પ્રેમની ભાવોર્મિ સ્પષ્ટ દેખાય છે. અને કેટલાક તો સમયે સમયે હાથ જોડી પ્રણામ કરતાં દેખાયા છે. પૂજ્યશ્રીએ જનક મહારાજ સાથે શાસ્ત્રીય આલાપ સામસામે છેડીને પોતાના એક નવા રૂપનો પરચો આપ્યો છે. તેઓશ્રીના આ રૂપને સહૂએ પ્રણામ સાથે તાળીઓથી વધાવી લીધા. હવે તેઓશ્રીએ વાંસળી લીધી છે. અને કેટલાક ભક્તો સ્ટેજ પર ભાવમય નૃત્ય કરે છે. સહૂ પૂજ્યશ્રીમાં કૃષ્ણલીલાનો આનંદ લૂંટે છે.

હવે ૬-૩૫ મિનિટે મુંબઈના બે ભક્ત દંપતિ અજયભાઈ અને અશ્વિનભાઈ સપત્નીક એક નાનકડું રૂપક રજૂ કરે છે. દાંમ્પત્યની દીવાદાંડી, એક સાઉથ ઈન્ડીયન દંપત્તિ અને એક પારસી દંપતિ, પોતાની નીજમસ્તીમાં આનંદ કરતાં કરતાં કોઈક કારણસર એકબીજા સાથે વાક્‌યુદ્ધ કરે છે. આવા ક્રોધિત વાતાવરણમાં તેઓને એક સત્સંગી વ્યક્તિ દ્વારા પૂજ્ય રાજયોગીજીની શાબ્દિક પહેચાન કરાવાય છે. તેઓ રાજયોગીજીને શરણે જઈ, ક્રોધ ભાવનો ત્યાગ કરી, સ્નેહનો, આનંદનો અને પ્રેમનો સ્વીકાર કરે છે. હવે બંને દંપત્તિ આનંદથી સાથે નાચે છે. આ નાટિકા ખૂબ સરસ રહી. જીવનમાં ક્રોધના સમયે કોઈક સંત કે સદ્‌ગુરુનું મિલન થઈ જાય તો પરિવર્તન થઈ જાય. આ બન્ને દંપતિને ખૂબ ખૂબ અભિનંદન આપવા ઘટે... મુંબઈથી આવીને તેઓશ્રીએ અહીં ભાવેર્મિ રજૂ કરી તે ખરેખર આનંદની વાત છે.

હવે શરૂ થઈ છે શ્રી કૃષ્ણના જીવનપ્રસંગને આલેખતી કૃષ્ણલીલાના પ્રસંગોની હારમાળા કુટિરના બાળકો, યુવતિઓ અને તેમના માતપિતા સહિંત સહૂએ, કૃષ્ણજીવનના પ્રસંગોને અતિસુંદર રીતે રજૂ કરવા અથાગ પરિશ્રમ કર્યો છે. અને શ્રીમતિ અંજલિબહેનની દિગ્દર્શનસૂઝ અને માર્ગદર્શનથી આ બધા જ પાત્રો ખૂબ જીવંત બન્યા છે. શ્રીમતિ અંજલિબહેનને ખૂબ ખૂબ ધન્યવાદ આપવા ઘટે. તેઓને કુટિરની અન્ય બહેનો તથા વાદ્યવૃન્દનો ખૂબ સરસ સહકાર મળ્યો છે. આ દરેક પ્રસંગની પહેચાન આપવા ગ્રામ્ય ભાવની ઝલક સાથે રંગલો-રંગલી ના પાત્રમાં સુકુમાર અને સ્નેહાબહેને રમૂજ સાથે સુંદર અભિનય કર્યો. શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપમાં અમરે ખૂબ સુંદર અભિનય કર્યો. શૈશવ સ્વરૂપમાં શ્રી કૃષ્ણના પાત્રને ભાઈશ્રી સાગરે ખૂબ જીવંત બનાવ્યું. સાગરની અભિનયકળા અને ભયમુક્ત, પ્રભાવશાળી એકટીંગ, બધાને ખૂબ ખૂબ

ગમી. નંદ - જસોદાના પાત્રમાં ખેલન, પ્રિયંકા, દીર્ઘના પાત્રમાં પ્રણવ અને યુવા કૃષ્ણના પાત્રમાં રોહનનો અભિનયસરસ રહ્યો. આખાય પ્રસંગમાં દરેક બાળકોએ જે અભિનયકળાના દર્શન કરાવ્યાં છે. માટે તેઓ અભિનંદનના અધિકારી છે. રંગલા-રંગલીના પાત્ર અભિનય વખતે અચાનક પૂજ્યશ્રી સ્ટેજ પર આવ્યા છે. રંગલા રંગલી સાથે ભાવવાહિ નૃત્ય કર્યું છે જે યુવાનોને પણ પાછા પાડે તેવું હતું. પ્રવર્તમાન યુગમાં યુવાનોને બહારના ફાસ્ટફુડ ખાવાની થઈ ગયેલી આદત પર તેઓશ્રીએ રમૂજ સાથે ખૂબ સુંદર ચાબખા માર્યા અને ગૃહલક્ષ્મીને પણ ઘરમાં જ સુંદર વાનગીઓ બનાવવાની શીખ આપી. પૂજ્યશ્રીના આ આનંદમય સ્વરૂપને નિહાળવાની અલભ્ય તક, ભક્તોને પ્રાપ્ત થઈ તે પણ આજના દિવસની વિશિષ્ઠ કૃપા પ્રસાદી ગણવી રહી.

અંતમાં રાધાકૃષ્ણ સાથે ગોપીઓનો સુંદર રાસ રચાયો. રાધાના પાત્રમાં દેવાંગનાનો અભિનય પ્રશંસનીય રહ્યો.

હવે શ્રી યોગેશભાઈએ આજના પ્રસંગનું સમાપન કરતાં આજના ઉત્સવમાં પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ કરનારા સહૂનો તથા સતત પાંચકલાક એકજ આસને બેસીને ઉત્સવને શણગારનારા સહૂ ભક્તજનોના અંતરના ઉમળકાને ખૂબ સુંદર કહ્યું કે...

**શબ્દ કેરી પ્યાલીમાં..**
**સુરની સુરા પી ને**
**લ્યો અમે તો આ ચાલ્યાં...**

હવે પૂજ્ય બહેનજીએ સવારથી સાંજ સુધીના આ ઉત્સવ આયોજન તથા પોતાની કૃતિઓ રજૂ કરનારા સહૂને વ્યક્તિગત રીતે બિરદાવ્યા. માઈક માટે અરવિંદભાઈ, તથા પ્રીતેશભાઈ, ફોટોગ્રાફી માટે મનેષભાઈ, વીડીઓગ્રાફી માટે જયેશભાઈ, વાદ્યવૃંદ, ગાયકવૃંદ, વગેરેને તેઓએ વિશેષ બિરદાવ્યાં. આખાય દિવસની પરિશ્રમયુક્ત હાજરી આપીને, આ મહોત્સવને ગૌરવવંતો બનાવનાર પૂજ્યશ્રીને સહૂ ભક્તોએ પ્રણામ કર્યાં.

ઘડિયાળ રાત્રિના ૮-૧૫ નો સમય બતાવે છે. પૂજ્યશ્રી સાથે સહૂએ -૨૭ - પરમશક્તિમંત્ર અને આરતીગાન કર્યું. અને નવસૂત્ર પઠન પછી કાર્યક્રમ પૂર્ણ થયો.

કાર્યક્મ સમાપ્ત થતાંજ વાદ્યવૃંદે ફીલ્મી ગીતો જે પૂજ્યશ્રીને પસંદ છે. તે ગાયાં અને પૂજ્યશ્રીએ પણ તેમાં સાથ આપીને વાતાવરણને અતિ ઉલ્લાસમય બનાવી દીધું.

અંતે ૮-૩૫ વાગે પૂજ્યશ્રીએ હોલમાંથી પ્રસ્થાન કર્યું ત્યારે **"સદ્‌ગુરુ દેવ કી જય"** ના ગગનભેદી નારાએ એક નવી ચેતના પ્રસ્થાપિત કરી દીધી. મોરલો ટહૂકા કરતો જાય નામક ગીત પર સહૂ ખૂબ ડોલ્યાં...

સાંજે બધા માટે ફરાળી ચેવડો તથા ચ્હા-કોફીની વ્યવસ્થા હતી. લગભગ ૪૫૦ ભક્તોએ અલ્પાહાર કર્યો હતો.

આજના દિને પૂજ્યશ્રીના ચરણોમાં એક જ પ્રાર્થના કે, અમે સહૂ ચેતનવંતા બનીએ, અમારી હાજરી સહૂને પ્રિય બને, અમારામાં સાક્ષાત્કારના પગથિયાં ચઢવાની ક્ષમતા આવે અને અમારૂં જીવન આનંદમય, ઉત્સાહમય અને સદા પુલકિત બને એટલા આશીર્વાદની આજીજી...

ૐમાૐ

## (૬) રામનવમી

### નમ્રતા અને વિવેકને અપનાવીએ

તા. ૩૦-૩-૦૪

આજે રામનવમી છે. શ્રી રામજીનો પ્રાગટ્ય દિવસ છે. યુગે યુગે મહાન આત્માઓનું અવતરણ આ પૃથ્વી પર થતું જ રહે છે. માનવ સમાજમાં ઘસાતા જતાં સંસ્કાર અને સંસ્કૃતિને પુનઃજીવિત કરવા માટે, માનવતાના મૂલ્યોનું નવસર્જન કરવા માટે આવા મહાન આત્માઓ, દૈવી પુરૂષોનું સર્વાંગી આચરણ જરૂરી બને છે. શ્રી રામજીના જીવનકાળ દરમ્યાન તેમના વાણી, વર્તન અને વ્યવહારમાં સદ્ગુણોનાં જ દર્શન થાય છે. કુટુંબ, સમાજ, રાષ્ટ્ર કે પોતાના અંગત પ્રશ્નો, ઉપાધિઓના ઉકેલ વખતે તેમની માનસિક સમતુલા, સ્વભાવમાં નમ્રતા અને વિવેકયુક્ત નિર્ણયથી પ્રશ્નોને સુલઝાવ્યા છે.

આજે આપણે શ્રી રામજીના સ્વભાવની નમ્રતા અને વિવેકને આપણા જીવનમાં પ્રત્યેક પળે અપનાવવાનો દૃઢ સંકલ્પ કરીએ. સાંપ્રત સમયમાં અસહિષ્ણુતા, ઉદ્ધતાઈ, અવિવેક, અરાજકતા અને અહમ્‌નો વ્યાપ વધી ગયો છે. બાળકો અને યુવાનોમાં આવા અનેક દુર્ગુણોનો વ્યાપ વધી ગયો છે. આને કારણે બીજા દુર્ગુણોની ઉધઈ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને તેમજ વ્યક્તિને અંદરથી કોરી નાખે છે, ખોખલો બનાવી દે છે. હત્યા, આત્મહત્યા અને આતંકવાદ આ દુર્ગુણોના ખાટાં, કડવાં ફળ છે.

આજનું બાળ અને યુવામાનસ સંસ્કાર અને સંસ્કૃતિના અભાવે દિશાશૂન્ય બની રહ્યું છે.

બાળ અને યુવામાનસને બહેકાવનારા અનેક પરિબળો જવાબદાર છે. બાળઉછેર, શિક્ષણ, વિભક્ત કુટુંબ પ્રણાલિ, આધુનિક ઉપકરણો જેવાં કે ટેલિવિઝન, કોમ્પ્યુટર, પશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ જેવા અસંખ્ય પરિબળોએ આપણી દૈવી સંપત્તિ, ઋષિ મુનિઓની સાત્વિક સંસ્કૃતિ અને સાત્વિક સંસ્કારોની આડે પડદો નાખી દીધો છે. આજની જીવન પ્રણાલી બદલાઈ ગઈ છે. લોકો ભોગ અને રોગનો શિકાર બની રહ્યાં છે. યોગની, આધ્યાત્મિક સંસ્કૃતિની વાતો દિવાસ્વપ્ન જેવી લાગે છે.

રામનવમી, જન્માષ્ટમી, ગાંધી જયંતિ, જલારામ જયંતિ જેવા પ્રેરણાદાયી દિવસો, ઉત્સવોની ઉજવણી આપણી દૈવી સંસ્કૃતિને, આપણા સંસ્કારોને પુનઃજીવિત કરવાનો સંદેશો લઈને આવે છે.

આપણા બાળ અને યુવામાનસમાં નમ્રતા અને વિવેકયુક્ત વ્યવહારનું વાવેતર ઘરમાંથી અને શાળામાંથી થવું જોઈએ. માતાપિતા અને કુટુંબના સભ્યો, વડીલો, પરિચારકો, પડોશીઓ અને મહેમાનો સાથેનો આદરયુક્ત, લાગણીસભર અને ભાવનાયુક્ત વ્યવહાર, સાત્વિક અર્થઉપાર્જન પદ્ધતિ, આધ્યાત્મિક વિકાસનો અભિગમ, ધાર્મિક વાતાવરણ, સત્સંગનું વાતાવરણ સાત્વિક સંસ્કાર અને દૈવી સંસ્કૃતિને ટકાવી રાખવા માટે પાયાની જરૂરિયાત છે.

બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવી શિક્ષણ પ્રણાલી હોવી જરૂરી છે... બાળકોનો શારીરિક, બૌદ્ધિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ થાય તેમાં માતાપિતા, શિક્ષકો અને કુટુંબના સભ્યોનો યોગ્ય ફાળો હોવો જરૂરી છે.

દરેક વ્યક્તિ જીવનના જે તબક્કામાં હોય ત્યાંથી શેષ જીવનમાં નમ્રતા અને વિવેકયુક્ત વ્યવહારને અપનાવવા દૃઢ સંકલ્પની ભેટ શ્રી રામજીને તેમના જન્મદિવસે પ્રદાન કરે તો જીવનમાં સૌમ્યતા, સરળતા, સહૃદયતા વ્યાપી રહે. જીવનમાં રામરાજ્યની સ્થાપના થઈ રહે.

વ્હાલા રામભક્તો, રામ જન્મભૂમિનો વિવાદ ઉકલે કે ન ઉકલે, રામજીનું મંદિર અયોધ્યામાં બંધાય કે ન બંધાય, આપના જીવનની અયોધ્યાને સજાવો, શરીરરૂપી મંદિરને સદ્ગુણોથી શણગારો અને શ્રી રામજીને હૈયાના હિંચકે ઝુલાવો તો શ્રી રામજીના ચૈતન્ય તત્વની અનુભૂતિ આપને અહર્નિશ થતી રહેશે, જરૂર છે ફક્ત તમારા સમજણયુક્ત, જ્ઞાનસભર દૃઢસંકલ્પની. **મારા આપ સર્વેને જયશ્રી રામ.** ૐ મા ૐ

## (૭) ગુરુપૂર્ણિમા...

### પરમાત્માને તમારા જીવનરથના સારથી બનાવી દો

*પૂજ્ય ગુરુદેવ* *તા.૨-૭-૦૪*

વ્હાલા આત્મીયજનો,

આજે ગુરુપૂર્ણિમાના પાવન પર્વે ભાવિકો ગુરુ ચરણ શરણ પ્રાપ્ત કરવા માટે ઉત્સુક થાય છે. ગુરુદેવના આદર્શો અને આદેશોનું આચરણ કરીને, ગુરુતત્વને જીવનમાં ધારણ કરનાર વ્યક્તિ જ ગુરુચરણની સેવા પૂજા કરવાના સાચા અધિકારી બની શકે છે. ગુરુ એક વિશિષ્ટ વ્યક્તિત્વ છે, સાત્વિક પંથના સહેલાણી છે. શ્રદ્ધાળુઓના જીવનબાગમાં સાત્વિકતાનાં સુમન સજાવનાર શ્રદ્ધેય, પૂજનીય, પરમના પનોતા પુત્ર છે.

સાંપ્રત સમયમાં માનવ જીવનનો વિકાસ સમાજ અને રાષ્ટ્રના કથળતા નૈતિક સ્વાસ્થ્ય અને યુવાનોની દિશાહીન દયનીય પરિસ્થિતિ મારા મનને ક્ષુબ્ધ બનાવી રહી છે.

"બલિયસિ કેવલમ્ ઈશ્વરેચ્છા" આમ તો ઈશ્વરની ઈચ્છા જ બળવાન છે; છતાં પણ પરમના દિવ્ય આદેશો, સંકેતોને સમાજમાં વહાવવાનો, પ્રસરાવવાનો અને માનવજીવનમાં અપનાવવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યો છું. આપના સહકારની અપેક્ષા છે, **માનવ જીવન પરમાત્માનું હેતુપૂર્વકનું આયોજન છે. આપણે જીવનની અવગણના કરીએ અને સમયના વહેણમાં નિષ્ક્રિયપણે વહેવા દઈએ તે યોગ્ય નથી. માનવ શરીર જ એવું છે કે, જેમાં પરમની પહેચાન, પરિચય અને પ્રાપ્તિ શક્ય બની શકે છે.**

આપણે માનવ સર્જનને સમજીએ. માનવ સર્જનના મુખ્ય ત્રણ ઘટકો છે :-

૧. શરીર - જે યોગ પ્રધાન છે.
૨. મન - જે માનવતા પ્રધાન છે.
૩. આત્મા - જે દિવ્યતા પ્રધાન છે.

શરીરમાં જ્યારે ભોગવૃત્તિનું પ્રાધાન્ય હોય ત્યારે તે પાશવતા તરફ ઢળે છે. સંયમની, વિવેકની સીમાઓ વળોટી જાય છે. અંતરાત્માનાં અવાજને અવગણે છે. ઈન્દ્રિયોના સહારે ભોગો ભોગવી રોગ, યાતનાઓ અને અશાંતિને નોંતરે છે. આત્માનું પવિત્ર મંદિર બનવાને બદલે રોગ અને ભોગનું આશ્રયસ્થાન બની જાય છે. **દેહને સંયમ, વિવેક અને સત્સંગથી જ યોગનું**

**આશ્રયસ્થાન બનાવી શકાય છે. આત્માનું નિવાસસ્થાન બનાવવા માટે દેહને સત્સંગના વારિથી દરરોજ સ્નાન કરાવવું જોઈએ.** શુદ્ધ શરીરમાં આત્માનું દિવ્ય તેજ તેજસ્વી આત્મારૂપે, વર્તાય છે. આત્મ વિકાસ માટે તપથી તપેલા અને યોગથી વિભૂષિત થયેલા શરીરની પ્રાથમિક આવશ્યકતા છે.

માનવ મન માનવતા પ્રધાન છે. સાત્વિક ગુણોથી વિભૂષિત મનમાં જ માનવતા પ્રગટી પ્રગટે છે. દુર્વૃત્તિઓ, દૂષણો સમા કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, અભિમાન જેવા દુર્ગુણોનો બહેકાવ વધી જાય છે.

ત્યારે મનમાંથી માનવતા વિસરાઈ જાય છે અને દાનવતાની જમાવટ થતી જાય છે. ચોરી, લૂંટફાટ, આતંકવાદ, હિંસા જેવી દુર્વૃત્તિઓ, દૂષણો, અને કુટેવોના આવરણથી મન ઘેરાઈ જાય છે, મનમાં દાનવતા વ્યાપી જાય છે. આત્માનો અવાજ અવગણવામાં આવે છે. મન માનસિક તણાવ અને રોગોમાં સપડાઈ જાય છે. હાઈબ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હ્રદયરોગ, અનિંદ્રા, ડીપ્રેશન, ગાંડપણ જેવાં અનેક રોગો શરીર અને મનને ઘેરી લે છે. કૌટુંબિક અને સામાજિક સંબંધો વણસે છે. રોગોને કારણે કાર્યશક્તિ, વિચારશક્તિ, સહનશીલતા, વિવેક હણાઈ જાય છે. વેપાર - ધંધામાં, વ્યવસાયમાં, કાર્યનિષ્ઠા જળવાતી નથી. અર્થ ઉપાર્જન પર તેની અસર પડે છે, આર્થિક ભીંસ અનુભવાય છે, કુટુંબ, સમાજ અને મિત્રવર્તુળમાં સંબંધો બગડે છે, કુટુંબ અને બાળકોના સ્વાસ્થ્ય અને શિક્ષણ પર પણ તેની અસર વર્તાય છે.

મનને માનવતાપ્રધાન રાખવા માટે સાત્વિક અભિગમ, સાત્વિક જીવનશૈલી અપનાવવી જોઈએ. જીવનમાં નૈતિક મૂલ્યોને પ્રાધાન્ય આપવું જોઈએ. સદ્ગુણોની સંપત્તિ વિકસાવવી જોઈએ. સાત્વિક, શુદ્ધ અને સરળ આહાર વિહાર અને સંસ્કાર સંગતના આગ્રહી બનવું જોઈએ. સ્વાધ્યાય, સેવા, સત્સંગ અને સંતસમાગમ, સદ્ગુરુના શરણથી જ મનમાં માનવતાના અંકુરોને પોષી શકાય છે. જપ, તપ, ઉપાસના, ભાવસભરભક્તિ, ધ્યાન દ્વારા પરમની નિશ્રામાં રહેવાથી મન પરમાત્મામાં જ પરોવાયેલું રહે છે. મનમાં દૈવી ગુણોનો સંચય થવા લાગે છે. સ્વસ્થ મન સંયમી બની શકે છે. વિવેકી બની શકે છે. આત્માના અવાજને ઓળખી શકે છે, અનુસરી શકે છે અને પરમાત્માની કૃપાના અનુરાગી બની શકે છે.

માનવ શરીરમાં વિરાજીત આત્મા દિવ્યતા પ્રધાન છે. શરીર અને મન સાત્વિક ગુણોથી વિભૂષિત, હોય તો આત્માની દિવ્યતા સમગ્ર અસ્તિત્વમાં તેજસ્વી આભારૂપે, તેજસ્વી પ્રતિભારૂપે પ્રગટી રહે છે. આત્માની દિવ્યતાને અખંડિત રાખવા માટે પ્રેમથી તેને સજાવવી જોઈએ. ક્ષમા, દયા, અહિંસા, સમતાભાવ, આત્મીયભાવ, સત્યપ્રિયતા, મન, વચન, કર્મની પવિત્રતા વગેરે પ્રેમપુષ્પની સુગંધિત પાંખડીઓ છે. પ્રેમ એ તો સમસ્ત અસ્તિત્વમાંથી વહેતી પવિત્ર ગંગા છે.

માનવ જીવનનો વિકાસ શરીર, મન અને આત્માની સ્વસ્થતા, સાત્વિકતા અને ઐક્યતાથી જ થઈ શકે છે. સત્યાચરણ જીવન વિકાસમાં પાયાની જરૂરિયાત છે. કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનાં સર્વાંગી વિકાસ માટે માનવ જીવનનો સાત્વિક વિકાસ અતિ આવશ્યક છે.

વ્હાલાં આત્મીયજનો, આપ સર્વે આપના જીવનને સંસ્કાર, સુસંસ્કૃતિ, સત્ય અને આધ્યાત્મિક વિકાસની કેડી પર જ ચાલવાનું, વિકસાવવાનું લક્ષ્ય નક્કી કરજો. આપના

વર્તમાન જીવન અને પરિસ્થિતિનું તટસ્થપણે મૂલ્યાંકન કરી, નબળી કડીઓને નાબૂદ કરી, સબળી કડીઓને મજબૂત બનાવી, સાત્વિકતાની સાંકળને મજબૂત બનાવજો.

**આપણે આપણી જાતને તટસ્થપણે જાણવી જોઈએ. આપણી શક્તિ અને ક્ષમતાઓને પહેચાનવી જોઈએ. આપણામાં રહેલા સારા નરસાં ગુણોનું તટસ્થપણે મૂલ્યાંકન કરીને આપણા જીવનનું ધ્યેય નક્કી કરવું જોઈએ. આપણાં સ્વપ્ન સિદ્ધ કરવા માટે સાત્વિક પુરૂષાર્થ કરવો જોઈએ. આપણે જે ક્ષેત્રમાં વિકાસ સાધવો હોય તેને નિષ્ઠાથી વળગી રહેવું જોઈએ. આપણાં વાણી, વર્તન, વિચાર, લાગણી અને કાર્યને શક્ય એટલાં રચનાત્મક બનાવવા જોઈએ. આપણી ધ્યેયનિષ્ઠા હશે તો અવરોધો આપોઆપ સંકેલાઈ જશે, દૂર થઈ જશે અને માર્ગદર્શક પણ મળી રહેશે.**

જો આપણું જીવન સુકાનવિહોણી નૌકા જેવું લાગે તો જિંદગીને એક નવા દૃષ્ટિકોણથી નિહાળીએ, તેને પ્રેમથી પકડીએ, આપણા વ્યવહારને બદલીએ. રચનાત્મક વિચારો કરીને કાર્યની નવી પદ્ધતિ અપનાવીએ. આપણો સાત્વિક પુરૂષાર્થ હશે તો સર્વ દિશાઓ સાનુકૂળ બનવા લાગશે. સફળતાના શિખરો સર કરી શકાશે.

આપણા જીવનને સફળતાની કલગીથી શણગારવું હોય તો જીવનને સમૃદ્ધ અને સુંદર બનાવનારા તત્વોમાં રુચિ દાખવવી જોઈએ. રસ લેવો જોઈએ. સફળતાની દિશામાં જો આપણે દોરવાઈશું તો સફળતા આપણી તરફ ખેંચાઈ આવશે જ, આ એક કુદરતી નિયમ છે. પરમની સૃષ્ટિમાં દરેક વ્યક્તિ સફળ થવાને જ સર્જાઈ છે. આવશ્યકતા છે ફક્ત સાત્વિક, સંનિષ્ઠ પુરૂષાર્થની. જીવનમાં સફળતા મેળવવાની અમૂલ્ય ચાવી છે - સ્વભાવની નમ્રતા, શાંતિ, સંતોષ અને સમાધાનથી જ જીવનને સારી રીતે માણી શકાય છે, ઝળકાવી શકાય છે.

વ્હાલા યુવાનો, વ્હાલા ચાહકો, આપ જીવનના કોઈપણ ક્ષેત્રમાં ઝંપલાવવા માગતા હો, કે તમારા મનગમતા ક્ષેત્રમાં ઝંપલાવી દીધું હોય તો પણ તમારા કાર્યક્ષેત્રમાં પરમાત્માનો, તમારા ઈષ્ટ દેવને જ તમારા માલિક ગણજો. પરમાત્માની સાથે વત્સલ ભાવે પરામર્શ, પ્રાર્થના કર્યા પછી જ તમારા કાર્યની શરૂઆત કરજો. પરમાત્માની પ્રેરણા, માર્ગદર્શન, ગેબી સહાય, સુઝાવ મળી જ રહેશે. પરમાત્માને તમારી જીવન નાવના ખેવૈયા બનાવી દેજો, તમારા જીવન રથના સારથિ, સખા, બનાવી દેજો.

જીવનમાં સફળતા પ્રાપ્ત કરવાના કેટલાક અનુભવગમ્ય સૂચનો આપને જણાવું છું. અપનાવી જોજો, સફળતા અવશ્ય મળશે જ.

૧. આપ શું કાર્ય કરવા માંગો છો ? કાર્યની સ્પષ્ટતા સમજી લઈને પછી જ કાર્ય કરવાનો દૃઢ સંકલ્પ કરી લો. ધ્યેય - લક્ષ્ય નક્કી કરી લો.

૨. આપની આંતરિક શક્તિઓ અને ક્ષમતાને પહેચાનો, તેના પર શ્રદ્ધા કેળવો અને શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરો.

૩. આપના કાર્યક્ષેત્રના વિવિધ પાસાંઓ, સાધનોની સંપૂર્ણ માહિતી મેળવી લો.

૪. "હું સફળ થઈશ જ" એવી દૃઢ શ્રદ્ધા અને હકારાત્મક વલણ અપનાવીને જ કાર્યનો પ્રારંભ કરો.

૫. સમય, શક્તિ અને સાધનોનો યોગ્ય અને કરકસરયુક્ત ઉપયોગ કરો.
૬. દૃઢ નિષ્ઠાપૂર્વક કાર્ય કરવું, અવરોધો, અડચણોને ઓળંગવાનો, ઓગાળવાનો કે હટાવવાનો પ્રયત્ન કરતાં રહેવું, નાસીપાસ કે હતાશ થવું નહીં. પરમાત્માને પ્રાર્થના કરો, માર્ગદર્શન મળી જ રહેશે.
૭. કાર્યક્ષેત્રના વિકાસમાં, નવીનીકરણમાં આવતી પ્રત્યેક તકનો લાભ લો.
૮. એકી સમયે એક જ કામમાં એકાગ્રતા કેળવવાથી સમય, શક્તિ અને બુદ્ધિનો સદ્ઉપયોગ કરી શકાય છે.
૯. ઉત્સાહપૂર્વકના આનંદયુક્ત વાતાવરણમાં સહકારની ભાવનાથી કાર્ય કરવાથી ઉત્પાદન શક્તિ વધે છે.
૧૦. વિવેકથી વાત કરનાર, આયોજન કરનાર, સિફ્તથી કામ કરાવી અને કામ કઢાવી શકે છે, સહકાર મેળવી શકે છે.
૧૧. આપના વ્યાવસાયિક આયોજનમાં જનસેવાનો ખ્યાલ અવશ્ય રાખવો જોઈએ.

વ્હાલા આપ્તજનો, આપ આપના કોઈપણ આર્થિક, સામાજિક કે આધ્યાત્મિક ક્ષેત્રમાં સફળતા મેળવવાના મારા ઉપરોક્ત સૂચનોને જીવનમાં અપનાવશો તો સફળતા મળશે જ અને જીવન જીવવાની મઝા પણ આવશે. આશીર્વાદ ૐ માં ૐ

## (૮) "ગુરુપૂર્ણિમા મહોત્સવ-૨૦૦૪"

***હેમંતભાઈ ઉપાધ્યાય*** ***તા.૨-૭-૦૪***

(તા.૨-૭-૨૦૦૪ના રોજ પી.જી. મહેતા મેમોરિયલ હોલમાં ઉજવાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવનો અહેવાલ)

ગુરુપૂર્ણિમા એટલે સંકલ્પનો સૂર્યોદય... સદ્ગુરુ અને શિષ્યના આત્મીય અને આધ્યાત્મિક સંબંધોને સજાવવાનો દિવસ... આજે દરેક શિષ્ય સદ્ગુરુને પ્રાર્થના કરતો હોય...

**ગુરુ, કંચન, ગુરુ, પારસ, ગુરુ ચંદન પરમાન**
**આપ સદ્ગુરુ દિપક ભયો, કરો હમેં આપ સમાન...**

ગુરુપૂર્ણિમાના આગલા દિવસે પૂજ્યશ્રી પાદ્પ્રક્ષાલનની સંમતિ આપે છે. એટલે ભક્તો આ પવિત્ર અવસરની પૂજાનો લાભ લેવાનું ચૂકતા નથી... સામાન્ય રીતે આ અવસર "શ્રદ્ધા" બંગલે આયોજિત હોય છે પણ ભક્તોના વધતા વ્યાપ, ઋતુ અને વાતાવરણને ધ્યાનમાં લઈને આ કાર્યક્રમ પણ પી.જી. મહેતા હોલમાં રખાયો છે. શ્રદ્ધા બંગલે માતાજીની છબિ સમક્ષ તેમના બાળના કોમળ ચરણોનાં સ્પર્શથી પાવન થવાનું સૌભાગ્ય બધાને ગમતું....

આજે પી. જી. મહેતા હોલને આ પ્રસંગનું નજરાણું મળ્યું છે. સાદાઈનો શણગાર, પૂજ્યશ્રીના આસન સામે આડશ રખાઈ છે. ભક્ત મહેરામણ સમાતો નથી. સૌને આનંદમય પ્રતીક્ષા સાથે આજના પ્રસંગનું પુણ્ય જલ્દીથી પ્રાપ્ત કરવાની તાલાવેલી છે.

બરાબર ૫-૩૨ મિનિટે પૂજ્યશ્રી, પૂ.બહેનજી, પૂ.કુસુમબા અને પૂ. ઉષાબહેન પધાર્યા છે. આજે પૂનમનું અભિમંત્રિત જળ પ્રાપ્ત થવાનું હોવાથી ભક્તોના હાથમાં જળસંચય સાધનો છે. પૂજ્યશ્રી નીચે રસોડામાં દૃષ્ટિકૃપા કરી હોલમાં પધાર્યા છે. "સદ્‌ગુરુ દેવ કી જય" ના ગગનભેદી નાદથી વાતાવરણમાં ચેતના વ્યાપી ગઈ છે. તેઓ મુખ્ય પ્રવેશદ્વારથી જળ અભિમંત્રિત કરવા ગયા છે અને પૂજ્યશ્રીને છેલ્લાં - ૨૫ વર્ષથી સંપૂર્ણ શરણાગત થયેલાં પૂજ્ય ઉષાબહેને સાષ્ટાંગ પ્રણામ કર્યાં છે. તેઓ સંકેત કરે છે કે, પ્રભુએ આપેલા આઠેય અંગોને સંપૂર્ણ રીતે પૂજ્યશ્રીના ચરણોમાં સમર્પિત કરી દો. તો જીવનમાં આધ્યાત્મિકતાનો સૂર્યોદય સોળે કળાએ ખીલી ઉઠશે અને તમ હ્રદયમાં માતના મોરનું મધુર નર્તનનું કર્ણપ્રિય સંગીત સદા ઝંકૃત રહેશે. પૂ. ઉષાબહેનને કોટિ કોટિ વંદન...

અહીં પૂ. બહેનજીએ આજના પ્રસંગની પુણ્યતા સમજાવતાં કહ્યું કે, પૂજ્યશ્રીની તપોમય, તેજોમય આત્મચેતના તેઓના ચરણ દ્વારા તમારી ચેતનામાં સંમિલિત થાય, તમારી ચેતના પ્રજ્વલિત થાય તેવા ભાવ સાથે પાદ્‌પ્રક્ષાલન કરવાનું છે. પૂજ્યશ્રીના ચરણોનો માત્ર સ્પર્શ કરવાનો છે. ચરણ ધોવાના નથી. પૂજ્યશ્રીના ચરણ જેવું આચરણ કરવાનો, તેમના આદર્શો અને આદેશોના પાલનનો સંકલ્પ કરવાનો છે.

બરાબર ૫-૪૫ વાગે પાદ્ પ્રક્ષાલન પૂજાનો પ્રારંભ થયો. પ્રથમ ત્રણ ભક્તો... પૂ. ઉષાબહેન, દીનાબહેન અને જ્યોતિબહેનએ ચરણપૂજા કરી. પૂજ્યશ્રીના આ સંકેતને પણ સમજવો રહ્યો... ત્રણની સંખ્યા ખૂબ મહત્વની છે. ત્રણ દેવો... બ્રહ્મા - વિષ્ણુ - મહેશ, ત્રણ દેવીઓ, ત્રણ લોક, ત્રણ નદીઓ... ગંગા, યમુના, સરસ્વતી... પરબ્રહ્મની ત્રણ વિશેષતા.. સત્ - ચિત્ત - આનંદ... એની પ્રાપ્તિતના ત્રણ માર્ગ... જ્ઞાન, કર્મ અને ભક્તિ... ત્રેતાયુગના ત્રણ રાક્ષસ, રાવણ, કુંભકર્ણ, અને મેઘનાદ, દ્વાપર યુગના ત્રણ અસુર, કંસ, જરાસંઘ અને શિશુપાલ.. અને કળિયુગના ત્રણ રાક્ષસ, અજ્ઞાન, અભાવ અને અનીતિ.. અભાવ એટલે અછત નહીં.. મનુષ્યને મનુષ્ય માટેનો, કુટુંબમાં સ્વજનો માટે, સમાજમાં સગાંઓ માટે અને વ્યવહારમાં સ્નેહીઓ માટેના સદ્‌ભાવ નો, પ્રેમનો, સમર્પણનો, સહકારનો અભાવ....

આજના દિને, જ્ઞાન-કર્મ અને ભક્તિ દ્વારા, સત્-ચિત્ત અને આનંદની પ્રાપ્તિ માટે, અજ્ઞાન, અભાવ અને અનીતિથી દૂર રહી, પૂજ્યશ્રીના ચરણોમાં મન - વચન - કર્મને પવિત્ર બનાવવાનો સંકલ્પ કરીએ.

પૂજ્યશ્રીના આ સાંકેતિક જ્ઞાનને અમારાં શત્ શત્ પ્રણામ. હવે પૂજ્ય ઉષાબહેને પૂજ્યશ્રીને તિલક કર્યું છે. પૂજ્યશ્રીની આગવી ક્રાંતિકારી વિચારધારા, તેમની ભાષા, તેમના શાસ્ત્ર, તેમનું વ્યાકરણ અને તેઓના વિશિષ્ટ સેવાયજ્ઞો, કાર્યયજ્ઞોનું પૂજન કર્યું છે.

આજે પૂજ્યશ્રીએ આડશો હટાવડાવી છે, જેથી દરેક ભક્ત તેમની દૂરથી ઝાંખી કરી શકે. પાંચ-પાંચના સમૂહમાં હવે ભક્તો પાદ્‌પ્રક્ષાલન, પૂજા માટે આવે છે અને ધન્યતા અનુભવે છે. લગભગ ૮-૦૫ સુધીમાં લગભગ ૭૦૦ ભક્તોએ આ લાભ લીધો છે. કોઈપણ ભક્ત, આ પૂજાથી વંચિત નથી તેની ખાત્રી થતાં પૂજ્યશ્રીના ચરણોને આવરણ ચઢાવાયાં છે અને ત્યાં એક ભક્ત આવતાં ફરીથી આવરણો દૂર કરીને પૂજાનો લાભ અપાયો છે. પૂજ્યશ્રીના હ્રદયની વિશાળતાને સહુ હાજર ભક્તો મનોમન નમન કરી રહ્યાં. ગુરુપૂર્ણિમા એટલે આધ્યાત્મિક બેલેન્સશીટને

અવલોકવાનો અવસર.... આજના દિને તેઓએ આશીર્વચનમાં સંબોધન કર્યું છે કે 'મારા વ્હાલા કુટુંબીજનો' અને ભક્ત સમુદાય આનંદમાં નાચી ઉઠ્યો છે. રાજપરિવાર કે પરમશક્તિ પરિવારના સદસ્ય બનવાનું સૌભાગ્ય એટલે અદ્દભૂત પુણ્ય.. પૂજ્યશ્રીએ પોતાના ભૂતકાળનાં સંસ્મરણો કહ્યાં... માતાજીએ તેમની પાસે આજ સુધીમાં કરાવેલ કાર્યો, નિર્માણ કરાવાયેલ અદ્દભૂત આગવા શાસ્ત્ર, આધ્યાત્મિક યોગદાન, કાર્યયજ્ઞ, સેવાયજ્ઞો અને જ્ઞાનયજ્ઞની માહિતી આપી. તેઓ દસ પ્રકારના સેવાયજ્ઞો, પાંચ પ્રકારના કાર્યયજ્ઞો, બાર વિષયમાં જ્ઞાનદાન, આઠ પ્રકારના આગવા મૌલિક શાસ્ત્રના નિર્માતા અને આઠ પ્રકારનું આધ્યાત્મિક મહામૂલ્યનું યોગદાન આપી ચૂક્યાં છે. હજુ તેઓ કહે છે કે, માતાજીના દરેક આદેશ માટે આ સૈનિક તૈયાર છે. તેઓની એક જ મહેચ્છા છે કે "માનવ સાચો માનવ બને" અને દરેકને સુખી કરવાનો અથાગ પરિશ્રમ અને પુરુષાર્થ જ તેઓનો સાચો આનંદ છે. આપણે તો ગુરુકાર્યને જાણવાનો કે સમજવાનો પ્રયત્ન કરીએ તોય ઘણું.... સદ્‌ગુરુનો મહિમા અને ગુણ લખવાં અઘરાં નહીં પણ અશક્ય છે.

**"સાત સમુદ્ર કી મસિ કરી, લેખની સબ વનરાય,**
**સબ ધરતી કાગદ્ કરો. તબ ભી ગુરુ ગુન લિખ્યો ન જાય."**

અર્થાત્ સાત સમુદ્રની શાહી કરીને, બધા જ વૃક્ષોની કલમ કરીએ અને સારી ધરતીને કાગળ કરીએ તોય સદ્‌ગુરુના ગુણ લખી ન શકાય.

આપણે તો પૂજ્યપાદ્‌ના ચરણોમાં મસ્તક નમાવીને પ્રાર્થના કરીએ કે, બસ અહીં રહેવા દેજો...

રાત્રિના ૮-૩૦નો સમય થયો છે. પાંચ દિવાની આરતી પ્રગટાવાઈ છે. સમજવા જેવું છે કે, આજે ભક્તો પૂજ્યશ્રીને પાંચ પ્રાર્થના કરે છે. અમારાં પાંચ પ્રકારનાં ક્લેશ.... અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને આસક્તિ દૂર કરજો. અમારા પાંચ કર્મો.... નિત્ય, નૈમિત્તિક, કામ્ય, પ્રાયશ્ચિત અને નિષિધ્ધમાં આપ સાથે રહેજો. અમારા પાંચ કોષ.. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમયને આપ પ્રકાશિત કરજો.... અમારા પાંચ પ્રાણ... પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાનમાં આપ વ્યાપ્ત રહેજો. પૂ. બહેનજીના આ સંકેતોને અમારાં શત્ શત્ નમન..

હવે નિત્ય આરતી સાથે પૂજ્યશ્રીની આરતી ગવાઈ છે અને ૮-૪૫ વાગે પૂજ્યશ્રીએ વિદાય લીધી છે. પૂજ્યશ્રીના અલંકારોમાં "માતમયુર"ના પેન્ડન્ટવાળી ચેઈન ખૂબ આકર્ષક લાગતી હતી.

સાંજે બધાને ખીચડી-કઢી-બટાકાના શાકનો પ્રસાદ અપાયો છે. પૂજ્યશ્રીએ ખાસ સૂચના આપીને દરેકને ગોળ પણ પ્રસાદમાં સંમિલિત કરાવ્યો છે. તેઓના આશીર્વાદનું આ પ્રતિક છે. જાઓ ગોળની મીઠાશ તમારા જીવનમાં મધુરતા ભરી દે.... વાણીમાં મીઠાશ, વર્તનમાં મીઠાશ અને વ્યવહારમાં આનંદનું ગળપણ સમાઈ જાય.. તમે સહુ મધુરતાના પ્રતિક બની રહો.... પૂજ્યશ્રીના ચરણોમાં આપણાં સહુનાં કોટિ કોટિ નમન...

આજે બીજી જુલાઈને ગુરુપૂર્ણિમાનો દિવસ.. પી. જી. મહેતા હોલમાં ઉજવાતો આંદરમો મહોત્સવ... આ સ્થાન હવે પરમશક્તિ પરિવાર માટે આદરનું સ્થાન બની ગયું છે. કેવો સંયોગ કે આજની તારીખ ૨-૭-૨૦૦૪નો સરવાળો ૧૫ અને આજ સ્થાન પર આજે પંદરમો ગુરુપૂર્ણિમા

મહોત્સવ.

પી. જી. મહેતા હોલમાં સાદો શણગાર છે. પૂજ્યશ્રીના આસન પાછળ નિલોષાના - ૨૫ મા સેવાદિનની એક મોટી તસ્વીરમાં પૂજ્યશ્રીની પાંચ છબી છે. એક છબીમાં એક હાથ ઉંચો, બીજીમાં બંને હાથ ઉપર... પૂર્વ જન્મના સંસ્કાર અને બંધન હોય તેને સદ્‌ગુરુ સામેથી આહ્‌વાહિત કરે... નહીં તો મુંબઇ, સુરત, નાગપુર, ઇડર, નેપાળ, મીઠાપુર અને વડોદરા સહિત કેટલાય ગામોથી અને પરદેશથી ભક્તો આવે ક્યાંથી ? અને બંને હાથ ઉપર એટલે મેં આપને મારા ગળે લગાડ્યાં છે. ત્યારે તો કહ્યું કે, આપ મારા કુટુંબીજન છો... પણ આ સેવાદિનની તસ્વીર છે. અર્થાત્ મારી સેવાઓમાં, મારા કાર્યોમાં આપ જોડાઇ જાવ, મારા શાસ્ત્રને અનુસરો અને મારા જ્ઞાનને લૂંટો... પૂજ્યશ્રીના ચરણોમાં આપણા સહુના પ્રણામ.... આગળની આડશ પર લીલાં આસોપાલવના તોરણ છે. આ વૃક્ષ બારેય મહિના લીલું અર્થાત્ તાજું રહે... તમે મારી નિશ્રામાં સદાય આનંદિત અને ઉત્સાહિત રહો...

પૂજ્યશ્રી એટલે સમયના પણ સૈનિક.... આપણા ઘરમાં ડ્રેસિંગ ટેબલ અને ડાઇનીંગ ટેબલ હોય, પણ ટાઇમ ટેબલ ન હોય... પૂજ્યશ્રી સમયની ક્ષણ ક્ષણનો ભરપૂર ઉપયોગ કરનાર સાચા સંત છે અને એટલે જ સૌના સમયને માન આપી, બરાબર ૮-૫૩ મિનિટે હોલમાં પધાર્યા છે. 'સદ્‌ગુરુ દેવ કી જય'નો સામૂહિક નાદ થયો છે, છડી પોકારાઇ છે. સહુ ભક્તો એક કતારમાં પૂજ્યશ્રીની ઝાંખી કરવા ઉભા છે. ક્રીમ કલરનો ઝભ્ભો, પીતામ્બર, ગળામાં "ૐ મા ૐ" આડું-ઊભું લખેલું પેન્ડન્ટ. પગમાં મોજડી, રૂઆબદાર પગલાં, અભિવાદન અને આશીર્વાદ આપતો ઊંચો હાથ, તેજોમય મુખારવિંદ પર અતિમોહક સ્મિત સાથે તેમણે હોલમાં પ્રવેશ કર્યો છે. વાતાવરણમાં દિવ્યતા અને પવિત્રતા પ્રસરી ગઇ છે. સહુ ભક્તો અતિ આનંદિત છે.

આજના મહોત્સવમાં પૂજ્યશ્રીના ચરણ સ્પર્શ અને આશીર્વાદ, પ્રાર્થના શરૂ કરતાં પહેલાં પૂજ્યશ્રીના આસન પાસે કેટલાક ભક્તો બેઠા છે. પૂ. બહેનજીએ ગુરુપૂજાના મંત્રો, સ્વકંઠે ગાઇને તેમની પ્રથમ ભાવોર્મિ રજૂ કરી છે. તમે જ માતા, પિતા, સખા અને બંધુ છો તેવા શ્લોકભાવાર્થ સાથે જ્યારે તેઓની વંદના પૂરી થઇ ત્યારે એક ભક્ત એ પૂજ્યશ્રીને પૂછ્યું... કે.. કાલે આપે અમને કુટુંબીજનો કહ્યાં... અમે આનંદિત અને ઋણી થઇ ગયાં... હવે વિનંતિ કે, આપને અમારા વાણી - વર્તન - વ્યવહારથી ક્યારેય દુઃખ થયું હોય તો કહો જેથી આજે સંકલ્પ કરીએ કે, ફરી આવું કદી નહીં કરીએ....

પૂજ્યશ્રીના હ્રદયની વિશાળતા કે આત્માની ઉંચાઇ... તેઓ કહે કે, "મને ક્યારેય, કોઇનાથી, કોઇપણ પ્રકારની ભૂલો - વર્તન અગર વ્યવહાર માટે દુઃખ થતું જ નથી. કારણ તમે મારાં છો... મેં માત્ર એક જ વ્યક્તિને ઠપકો આપ્યો છે., ૨૮ વર્ષના ઇતિહાસમાં આ એક જ પ્રસંગ છે જ્યારે મેં કોઇને કાંઇક કહ્યું હોય.... અને તેય. એટલા માટે કે તેની શક્તિઓ સાથે મારે તેને ખૂબ ઊંચા સ્થાને લઇ જવો છે."

પૂજ્ય બહેનજીએ કહ્યું કે, કુટુંબીજનો એટલે આત્માની સગાઇ.. લોહીની સગાઇથી પણ આ વિશેષ છે હવે બધા ભક્તો, આત્મીય સગાઇને આવકારે કારણ બધા ભાઇ-બહેન થયાં. એકબીજાને અનુકૂળ, થવાની ભાવના, સહજ સમજવાની મનઃસ્થિતિ કેળવીએ અને પૂજ્યશ્રીના આદર્શો તથા આદેશોનું પાલન કરીએ અને છતાંય વાંકા ચાલશો તો કહેવું પડે કારણ તમે

અમારાં છો...

પૂજ્યશ્રી અને પૂ. બહેનજીની આ આત્મીયતાને શત્ શત્ નમન... શ્રી નાન્દી સાહેબે, સંસ્કૃત શ્લોક ટાંકીને કહ્યું કે, વિશ્વના માનવ માત્ર આપનાં બાળકો છે. આજે ઈડરવાળા શ્રી અરવિંદભાઈ તથા શ્રીમતિ હર્ષાબહેન નાંદીએ પૂજ્યશ્રીના ચરણ આવરણ દૂર કરીને પ્રથમ ચરણ સ્પર્શનું પુણ્ય પ્રાપ્ત કર્યું છે.

સવારે ૯-૧૦ વાગ્યે ચરણસ્પર્શ અને ભાવવંદનાનો કાર્યક્રમ શરૂ થતાં જ આણંદના આંખે ઓછું દેખાતા માજીને, પૂજ્યશ્રીએ આવકારીને, સ્નેહથી તેમની આંખોએ સ્પર્શ કરી આશીર્વાદ આપ્યાં. કહો કે આજે પણ પૂજ્યશ્રીએ સેવાયજ્ઞના કર્મ ફરજને મુક્ત રાખ્યું નથી. દરેક પળે માતાજીના કાર્ય માટેની તેઓશ્રીની તમન્ના ને આપણા સાષ્ટાંગ્ પ્રણામ.. પૂજ્યશ્રીના ચરણવંદન અને આજના પવિત્ર દિવસે ભક્તોની ભાવપૂજાનો કાર્યક્રમ વણથંભ્યો એક વાગ્યા સુધી ચાલ્યો.... કેટલાકે માત્ર સ્પર્શને બદલે ચરણ પર હાથ ફેરવ્યા. માથું ટેકવ્યું, કેટલાકે ચરણ પર મસ્તકનો સઘળો ભાર મૂકી દીધો.. પૂજ્યશ્રીના કોમળ ચરણો, સઘળી વેદના સહીને પણ આત્મીય ચેતના વહાવતાં રહ્યાં.

બપોરે ૧-૦૦ વાગે છ બટુકોને તેમના માતાપિતા અને સ્વજનો સમક્ષ યજ્ઞોપવિત સંસ્કાર અપાયાં. પાંચ વર્ષથી ૨૨ વર્ષના બટુકોના મુખારવિંદ પરની નિર્દોષતા, આનંદ અને માતાજીના બાળના સ્વહસ્તે યજ્ઞોપવિત સંસ્કાર પામ્યાનો સંતોષ અવર્ણનીય રહ્યો... ધન્ય છે આ બટુકો જેના કર્ણમાં પરમ પવિત્ર સંત દ્વારા મંત્રદીક્ષા ગ્રહણ કરવાનો અવસર પ્રાપ્ત થયો.... એક ભાઈએ પ્રેમથી પૂછ્યું કે, બીજીવાર જનોઈ લેવાય ? સમજવા જેવું છે કે, ગયેલી તક કે અવસર ફરી પ્રાપ્ત થતાં નથી... તેમણે કહ્યું... કાશ ! અમે આવા સદ્ભાગી હોત...

હવે ૫૭ ભક્તો, જેમાંથી ૨૭ બહેનો, ૨૩ ભાઈઓ અને સાત નાના બાળકો છે. તેમને પૂજ્યશ્રી દ્વારા મંત્ર દીક્ષા અપાઈ છે. પૂ. બહેનજીએ કહ્યું કે, પરમશક્તિ મંત્ર, એ ગાયત્રી મંત્રનો પર્યાય છે. મંત્રદીક્ષા લીધા પછી, પૂજ્યશ્રીના આદર્શો અને મન - વચન - કર્મથી ઐક્યતા અને પવિત્રતા રાખજો.... પૂજ્યશ્રીએ સહુને આશીર્વાદ આપ્યાં છે. ફરીથી ભક્તોની ચરણવંદના શરૂ થઈ... આજે ૯ થી ૧-૩૦ સુધીમાં લગભગ ૧૯૦૦ ભક્તોએ પૂજ્યશ્રીના ચરણસ્પર્શનો પવિત્ર લાભ લીધો છે. હવે મુંજાલભાઈ તથા હેમંતભાઈએ પૂજ્યશ્રીના ચરણોને આવરણથી સજાવ્યાં છે અને પૂજ્યશ્રી હોલમાંથી વિદાય થઈ રહ્યાં છે. આનંદ અને પૂજાના સંતોષ સાથે ભક્તો એક કતારમાં બંને બાજુ ઉભા છે. અને પૂજ્યશ્રીએ સહુની ભાવપૂજા સ્વીકારતાં, આશીર્વાદ આપતાં આપતાં પ્રસ્થાન કર્યું છે.

આજે પ્રસાદમાં સેવ-ઉસળ અને ઘઉંના લાડુ રખાયાં છે. સંકેત છે કે, આધ્યાત્મિક જગતમાં વટાણાની જેમ ઉકળવું પડે, તપવું પડે તો સેવ રૂપે કોઈ સદ્ગુરુનો સંગાથ મળે અને જીવનમાં લાડુની જેમ મધુરતા વ્યાપી જાય.. પૂજ્યશ્રીના આ મર્મજ્ઞાનને આપણાં પ્રણામ.

બપોરે બરાબર ૩-૫૦ વાગે પૂજ્યશ્રીની રાજસવારી, પુનઃ પી. જી. મહેતા હોલ પર આવી છે. તામ્રવર્ણ રંગનો ઝભ્ભો, સફેદ ચુડીદાર, મોજડી, ગળામાં "ૐ અને ત્રિશુળ" વાળું પેન્ડન્ટ.... છટાદાર રાજવી ચાલ, મક્કમ પગલાં, અને આશીર્વાદ આપતો ઊંચો હાથ... "સદ્ગુરુ દેવ કી જય"નો ગગનભેદી નાદ... પૂજ્યશ્રીએ આસન ગ્રહણ કર્યું છે. સાથે પૂ. બહેનજી, પૂ.

કુસુમબા અને પૂ. ઉષાબહેન બિરાજીત છે.

પૂ. બહેનજીએ, સત્સંગ કાર્યક્રમની રૂપરેખા આપી છે. ગાયકવૃંદમાંથી શ્રી મુંજાલભાઈએ સ્વાગત ગીત રજૂ કર્યું છે. “મારે આંગણ વહેલા આવો રે, ગુરુદેવ પ્યારા...” બુલંદ છતાંય મધુર અવાજ, વાદ્યવૃંદના અદ્‌ભૂત સમન્વયથી વાતાવરણમાં દિવ્ય આનંદ પ્રસરી ગયો.... હવે શ્રી રમેશભાઈ બારોટે પોતાની ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું... (માત્ર થોડાક અંશ)

**“મજલ કાપી છે, અનેકવાર અમાસથી પૂનમની,**
**ત્યારે ‘શ્રદ્ધા’ને શરણ મળ્યાં છે.**
**દોડ્યો છું કેટલુંય, મારા અસ્થિર ચરણ લઈને**
**ત્યારે આ સ્થિર “ચરણ” મળ્યાં છે.**

ભક્તોએ આ ભાવોર્મિને વધાવી લીધી....

હવે શ્રી મુંજાલભાઈએ ખૂબ સરસ કાવ્યાત્મક ભાવોર્મિ રજૂ કરી... પૂજ્યશ્રીને માતાજી, મોર કહીને બોલાવે છે અને પૂજ્યશ્રી કહે છે કે, ભક્તો મારા પીંછા છે... આજ ભાવ લઈને તેણે ગાયું કે....

**“પીંછાને મોર સંગે કરવી છે આજ વાતો,**
**છલક્યું છે મૌન આંખે, હવે હૈયે નથી ખમાતું....**
**પીંછાને મોર સંગે કરવી છે આજ વાતો....**

ગીતના એક એક શબ્દ, ભાવ, મધુર કંઠ અને વાદ્યવૃંદના આનંદમય તાલસંગાથથી ભક્તો ઝૂમી ઉઠ્યાં છે.

હવે શ્રી સતિષભાઈ ભટ્ટે પોતાના શબ્દ પુષ્પોથી આજના દિને પૂજ્યશ્રીને કાવ્યાત્મક પ્રાર્થના કરી કે... (કેટલીક પંક્તિઓ)

**તમે રાજવી, ચૌદ બ્રહ્માંડ કેરા,**
**પોકારવા રાજ છડી આપી દેજો.**
**મા’રાજ ઘરમાં હું ભલો પડ્યો છું.**
**ધર્યું કોડિયું, વાટ પ્રગટાવી દેજો.**

તેઓશ્રીએ ‘સાગર રૂપ શ્રી રાજયોગી’ શિષર્ક સાથે પૂજ્યશ્રીના અનેક રૂપ, આકૃતિઓ અને વ્યક્તિત્વને સમજાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે. ભક્તોને તેમની ભાવોર્મિ ખૂબ ગમી....

હવે શ્રીમતિ રક્ષાબહેને એક સુંદર ગીત ગાયું છે...

**‘સજની હાલોને જઈએ સત્‌સંગમાં**
**સાચો સંત રે બતાવે મારગ મોક્ષનો...”**

તેઓનો મધુર કંઠ અને વાદ્યવૃંદના સુંદર તાલથી ભક્તો આનંદિત થઈ ગયાં...

હવે હેમંતભાઈએ પ્રાર્થના સ્વરૂપે પોતાના ભાવપુષ્પો રજૂ કર્યા...

**‘ગુરુજીને તો સદા પૂનમ, અમારે હતી અમાસ.**
**મળ્યાં છો તમે જ્યારથી, જીવનમાં મહેંકી ગઈ સુવાસ.’**
**પ્રભુને ના દીઠાં અમે, નથી મળ્યાનો આભાસ,**
**અમારાં તો દેવ તમે, રાખજો હરજન્મ તમારી પાસ.”**

ભક્તોને હેમંતભાઈની કૃતિ ગમી... હવે શ્રી રાજીવભાઈએ સુંદર હાસ્ય ટુચકા કહીને સહુને હસાવ્યા છે.

ફરીથી મુંજાલભાઈએ પૂજ્યશ્રીને ભાવનાત્મક અને સુંદર કાવ્યાત્મક પ્રાર્થના કરી...

**'નીજ ચરણના નખથી, મારગ બધો અજવાળજો...**
**હે નાથ, ભવ, ભવ, આપનાં સહુ બાળને સંભાળજો....**

ગીતના એક એક શબ્દ, ભાવ, રજૂઆત અને સમજણથી સહુ ભક્તો અતિ પુલકિત થઇ ગયાં અને તેમની ભાવોર્મિને વધાવી લીધી છે.

હવે પૂજ્યશ્રીને આજના પાવન પ્રસંગે આશીર્વચન આપીને માર્ગદર્શન આપવા પ્રાર્થના થઇ છે. પૂજ્યશ્રીએ કહ્યું કે, મારી જ ભાષા, મારું શાસ્ત્ર અને મારું જ વ્યાકરણ.. આ મારી આગવી વિચારધારા છે.

પૂજ્યશ્રીનું આજનું ઉદ્દબોધન અને સફળતા દ્વારા વ્યક્તિત્વ વિકાસ અને જીવનને શણગારવાની, સજાવવાની, અદ્દ્ભૂત, અનુભવસિદ્ધ વાતો, એક મેનેજમેન્ટ નિષ્ણાતને પણ અચંબો પમાડે તેવી છે. પૂજ્યશ્રીના આશીર્વાદથી જ, આપણા પુરૂષાર્થ, પરિશ્રમને સફળ જીવનનો આનંદ પ્રાપ્ત થાય તેવી પૂજ્યશ્રીના ચરણોમાં પ્રાર્થના....

હવે બહેન સુરભિને ગુંડા દ્વારા ગળું દબાવીને, લૂંટવાના અથવા મારી નાખવાના પ્રયાસ વખતે તેણીએ પૂજ્યશ્રીને કરેલ આર્તનાદ અને પૂજ્યશ્રી દ્વારા તેને મળેલી ગેબી સહાયની વાતો, તેના સ્વમુખે સાંભળી.... હૃદયદ્રાવક વેદનાઓ, ઘટનાઓ અને ભયભીત પરિસ્થિતિનું તેણીએ સુંદર બયાન કર્યું. કેટલાય ભક્તોનાં નયનો અશ્રૂઓથી છલકાઇ ગયાં... પરમાત્મા કરે, કોઇને આવી કઠિન પરિસ્થિતિનો સામનો ન કરવો પડે.... છતાંય દરેક પ્રસંગે પૂજ્યશ્રીને કરેલો પોકાર, નિષ્ફળ જવાનો નથી, તેની દરેકને પ્રતીતિ થતાં સહુએ સુરક્ષિતતા અનુભવી.

હવે ૬-૧૦ વાગે, આરતી, સ્તુતિ વગેરેના સામૂહિક ગાન સાથે આજના સત્સંગ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરાયો અને સવારથી જે ભક્તો ચરણ સ્પર્શની પૂજાથી વંચિત રહી ગયા હતા, તેઓને પૂજાલાભ અપાયો... લગભગ ૫૦ ભાઈ-બહેનોએ ચરણવંદના કરી...

હવે ગાયકવૃંદે જુદા જુદા કંઠે અને વાદ્યવૃંદના સથવારે સુંદર ભજનો રજૂ કરીને સહુને ડોલાવી દીધાં... છેલ્લા ભજનમાં ભક્તોએ નર્તનભક્તિનો આનંદ લૂંટ્યો... દરેકની મસ્તી, અલગ, ભાવ અલગ, તાલ અલગ, ચાલ અલગ, મુદ્રાઓ અલગ... એક દિવ્ય વાતાવરણમાં દરેકે મીરાંની જેમ નાચીને ગુરુકૃપાની ઝાંખી કરવાનો પ્રયત્ન કર્યો....

પૂ. બહેનજીએ દરેકને અભિનંદન અને આશીર્વાદ આપીને, ગાયકવૃંદ, વાદ્યવૃંદના દરેક સભ્યોને બિરદાવ્યા... સાંજે ૭-૪૫ વાગે ભજન સંધ્યા પૂર્ણ થઇ...

આજના દિને હે પૂ. ગુરુદેવ, અમારી સહુની એક જ પ્રાર્થના, આજીજી કે આર્તનાદ છે...

**"હમારે સદ્દગુરુ, હમકો દેના સહારા... કહીં છૂટ ન જાય, દામન તુમ્હારા.**
**આપકે બિન, મનમેં સમાયે ન કોઈ, લગન કા દિપક જલાએ ન કોઈ.."**

**ॐમાॐ**

## (૯) કેવા છો ગુરુ તમે કેવા

કેવા છો ગુરુ તમે કેવા નથી તિલક-ટપકાં કે ત્રિપુંડ રૂપાળા,
ક્યાં છે વેશ-વૈરાગીના, કંઠે નથી મણકા-માદળિયાં, માથે મુંડન કે જટાના માળા... કેવા છો....

નથી તમારે જંગલ ઝૂંપડી કે પહાડ ગુફામાં કોઈ છૂપાં સ્થાન,
ચારેકોર શોરબકોર વચ્ચે સંસાર તમારો, તોય નિરંતર 'મા'નું ધ્યાન.... કેવા છો....

સહેલાઈથી સૌને મળો, નથી ધરવી પડતી તમને ભેટ કે સોગાદ,
સૌ સમજે એવી વાણી તમારી, તોયે સકળ શાસ્ત્રોનો એમાં સ્વાદ.... કેવા છો....

આચરણ ને આદેશ એક તમારાં, નથી ફૂંકતા તમે કશું કાનમાં,
'મા ભગવતી' સદાય સન્મુખ, તોયે નથી રહેતા તમે મોટાઈ કે માનમાં... કેવા છો....

નથી રહેતા ભારેખમ કે અક્કડ, નથી રાખતા કોઈ ખોટો ઠસ્સો,
સૌના થઈ સૌની વચ્ચે રહો, હસાવો ને વળી સાથે હસો... કેવા છો...

રોગ સતાવે, ભૂત ડરાવે, ધરતી ધ્રુજે, તો કહેતા મારી પાસે આવો,
ડરતા ધ્રુજતા લોકો આવે, હસતાં હસતાં કહો 'ૐ મા ૐ' ગાવો... કેવા છો....

વાત કરું તમાર સામર્થ્યની તો કહે ભાઈ શું તમે હાંકો,
હલવાય ત્યારે હાલ્યો આવે, પગથિયેથી જણ પછી વાંકો વાંકો... કેવા છો...

*રમેશભાઈ બારોટ*

## (૧૦) "કેવા છો ગુરૂ તમે કેવા ?"

(ગુરુપૂર્ણિમાના દિવસે શ્રી રમેશભાઈ બારોટ રચિત કાવ્યની પૂરવણી)

નથી જમતાં કોઈનું, જાતે બનાવી ભક્તોને જમાડો વારંવાર,
સ્વાર્થ વગરનો સ્નેહ તમારો, ભક્ત પર વરસે અનરાધાર.. કેવા છો...

મસ્તીયજ્ઞની હારમાળાઓ સર્જી, તમે ભક્તોને કરાવો આનંદ,
નીજનો સર્વ ખજાનો લૂંટાવી દઈને, માણતા રહો પરમાનંદ... કેવા છો....

નહીં મઠ, નહીં આશ્રમ કે પાવડી, શ્રદ્ધામાં છે વાસ તમારો,
ગાદી, આસન, કાંઈ ન જોઈએ, ઝૂલો (ગતિ) છે સાથ તમારો... કેવા છો...

પ્રસંગ ઉજવો, મહોત્સવ મનાવો, ભક્તોસંગ રાસ રચાવો,
નહીં પ્રચાર કે ફોટાઓ, તોય દેશ-વિદેશમાં ડંકો તમારો.. કેવા છો..

હાથ ઝાલો તો સાથ નિભાવો, નહીં કદી તમને અભાવ અમારો,
ભવભવના બંધન બાંધો, અમને લાગે તમારો સુરક્ષિત સહારો....

જેવા છો ગુરુ, તમે જેવા  અમારા મનને મોહ્યા તેવા...
કેવા છો ગુરુ તમે કેવા....

*હેમંતભાઈ ઉપાધ્યાય*

## (૧૧) એવા છીએ અમો એવા છીએ....

૧. એવા છીએ અમો એવા છીએ
તમો કહો તેવા છીએ.
માતે ધરતીને દીધેલ.
આ અમૂલ્ય ખજાનો છે.
ત્રીસ ત્રીસ વર્ષથી વ્યવહારમાં,
છતાં ખજાનો અકબંધ છે.
એવા છીએ અમો એવા છીએ.
તમો કહો તેવા છીએ.

૨. શ્રી રામે શ્રી કૃષ્ણે,
નથી કર્યા આડંબર જગતમાં.
કર્મો થકી જ્ઞાન બતાવ્યું જગતને,
એજ રાહ પર ચાલી રહ્યો માનો બાળ.
એવા છીએ અમો એવા છીએ,
તમો કહો તેવા છીએ.

૩. ક્રાંતિચક્ર લઈને આવ્યો,
ક્રાંતિ તણી મશાલ ફેરવતો આવ્યો,
માનવોને જગાડતો આવ્યો.
માનવતાને મહેંકાવતો આવ્યો.
એવા છીએ અમો એવા છીએ,
તમો કહો તેવા છીએ.

૪. મુજ પાસ માત તણું સામર્થ્ય,
રડતો આવે માનવી,
હસતો થઈને જાય.
એવા છીએ અમો એવા છીએ,
તમો કહો તેવા છીએ.

૫. પ્રેમને નથી હોતા ચાલવાના રસ્તા,
કે દિશાઓના બંધન,
પ્રેમ તો દૈવી રસોનો અમૂલ્ય સાગર,
જેના સહારે હું તમારા,
હ્રદયના હિલોળે ઝૂલ્યા કરું,
એવા છીએ અમો એવા છીએ,
તમો કહો તેવા છીએ.

*તા. ૧૩-૭-૦૪* *પૂજ્ય ગુરુદેવ*

## (૧૨) વૈશ્વિક સેવા કેન્દ્ર - નિલોષા

*પૂજ્ય ગુરુદેવ* *તા.૪-૯-૦૪*

તીર્થભૂમિ નિલોષા એક વૈશ્વિક સેવાકેન્દ્ર બની ગયું છે. આ સેવા કેન્દ્ર તેના પચ્ચીસ વર્ષ પૂર્ણ કરી આજે છવ્વીસમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. સેવા કેન્દ્રમાં પ્રજ્જવલિત થઈ રહેલી સેવાયજ્ઞની જ્યોત વિશ્વના વિવિધ દેશોમાં પ્રકાશી રહી છે. નિલોષા સેવાકેન્દ્રની સુવાસ આસપાસના વાતાવરણને મહેંકાવી રહી છે. ૐ મા ૐ ના મંત્ર ધ્વનિથી વાતાવરણમાં દિવ્યતા પ્રસરી રહી છે.

'નિલોષા'નું જડ આવાસ પણ ચેતનવંતુ સેવાકેન્દ્ર બની શકતું હોય તો તેનું પ્રારબ્ધ કેટલું ઉજળું હશે ! સાત્વિક સંપત્તિ, નૈતિક જીવન પ્રણાલી, પરોપકારની ભાવના અને ભગવત્‌ભાવથી પ્રચુર મન હોય તો જ જડ વસ્તુઓને ચેતનવંતી બનાવવાના નિમિત્ત બની શકાય. ઉષાબહેન અને નલિનકાંતભાઈના ભગવત્‌ભાવ પ્રચુર મને જ 'નિલોષા' તેમના આવાસને સેવાકેન્દ્ર બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા. નિમિત્ત બનાવ્યા.

આપણે આપણા માનવદેહને સેવાકેન્દ્ર બનાવીએ તો કેવું ? નિલોષામાં માતાજીના આયોજન, આદેશ અને માર્ગદર્શન હેઠળ જ મને (રાજયોગી નરેન્દ્રજી) સેવાનું સુકાન સોંપીને જગતના જીવોની સેવાનું ભગીરથ કાર્ય આરંભી દીધું છે. સંસારમાં અટવાયેલાં, મૂરઝાયેલાં, ખોવાયેલાં, ભૂલા પડેલાં, ડૂબેલાં જીવોને સહાય કરવાનું સેવાકાર્ય અવિરતપણે ચાલી રહ્યું છે.

માનવ શરીરરૂપી મંદિરમાં વિરાજીત શિવતત્વની પ્રેરણા અને શક્તિથી આપણા જીવતત્વને સેવાકાર્યમાં પ્રવૃત્તિ કરીએ અને શરીરને જ સેવા કેન્દ્ર બનાવીએ. ભૂખ્યાં, તરસ્યાં, અટવાયેલાં, માર્ગ ભૂલેલાં, નિ:સહાય, માણસોને આપણી શક્તિ અને ક્ષમતા અનુસાર તન, મન, ધનથી નિ:સ્વાર્થભાવે ઉપયોગી થઈએ. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સક્રિય રીતે મદદ કરીએ. કોઈના હૈયાના ભારને હળવો કરવા તેમની વાતોનો વિસામો બનીએ. દુ:ખમાં સહભાગી થઈએ. અટવાયેલાના માર્ગદર્શક બનીએ. આપણી રુચિ, જ્ઞાન, સમજણ, શક્તિ અને સમયની મર્યાદા અનુસાર સ્વયમ્ સેવાકેન્દ્ર બની જાવ. દિવસનો અમુક સમય, તમારી અનુકૂળતા પ્રમાણે તમારા સેવાકેન્દ્રના કમાડ ખુલ્લા રાખો. જ્ઞાતિ, જાતિ, ધર્મ કે વયના બંધન છોડીને માનવમાત્રને આવકારો, લોકો વિસામો લેવા, હળવા થવા, માર્ગદર્શન મેળવવા જરૂર આવશે જ. તન ઘસીને, મન મૂકીને, ધન ખર્ચીને હૃદયના ભાવ સાથે સ્વજન સમ કરાયેલી, પરમની સૃષ્ટિના કોઈપણ જીવની નિ:સ્વાર્થ સેવા પરમાત્માને વધુ પ્રિય છે. આવી નિખાલસ સેવાભાવી વ્યક્તિઓને પરમાત્મા શક્તિ, સામર્થ્ય, સગવડ સ્વાસ્થ્ય અને સાધનો અનાયાસે આપતાં જ રહે છે. પરમાત્માની અવિરત કૃપાની વર્ષા તેમના પર થતી જ રહે છે. તમે સેવા કેન્દ્ર બનવાનું સ્વીકારો, પરમાત્મા સંચાલનની જવાબદારી સંભાળી લેશે.

**મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

**ૐમાૐ**

# (૧૩) "રાજની કિર્તન યાત્રા"

(શ્રદ્ધા કુટિરના સમાપન પછી પૂજ્યશ્રી ભક્તો સાથે યોગેશ્વર નગરમાં વાદ્યમય યાત્રા કરે છે તે પ્રસંગ)

*હેમંતભાઈ ઉપાધ્યાય* *તા.૨-૯-૦૪*

પરમ્ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે માત્ર ક્રાંતિકારી વિચારધારાના સ્વામી જ નહીં પણ ક્રાંતિકારી કદમોના નીડર સંત...

પૂજ્યશ્રી રસ્તા વચ્ચે ઉભા રહીને પ્રેતાત્મા મુક્તિ પ્રાર્થના કરી શકે છે તો ભૂકંપના સ્થળે જઈને જાહેરમાં ભૂકંપનિવારણ વિધિ કરી શકે છે... અસહ્ય ઠંડીમાં ટેકરાંઓ ચઢીને પશુઓના આત્માને મુક્તિ આપી શકે છે તો ભયંકર તાપમાં સીમા સુરક્ષા માટે ગુજરાતની સરહદો પર ફરી શકે છે.

આવો જ એક ક્રાંતિકારી પ્રયોગ એટલે કુટિર સમાપન પછી, તાલબદ્ધ પરમશક્તિમંત્રના કિર્તનમય જપ સાથે યોગેશ્વરનગરમાં એક નાનકડી યાત્રા....

આ યાત્રાની શરૂઆતમાં પૂજ્યશ્રી પરમશક્તિમંત્ર બોલાવે અને ભક્તો બોલે... સમજો કે મંત્રદીક્ષા અપાઈ રહી છે... પરમશક્તિ મા ગાયત્રીના બાળના મધુર કંઠથી પરમશક્તિ મંત્રનું ઉચ્ચારણ અને ભક્તોનો નાદમય પ્રતિભાવ... મા ગાયત્રી, તેના બાળની આ કિર્તનલીલા નિહાળવા જરૂર પધારતાં હશે.

પછી યાત્રા પૂજ્યશ્રીની આગેવાની હેઠળ શરૂ થાય.... બાજુમાં શક્તિ સ્વરૂપા પૂ. બહેનજી, આનંદ સ્વરૂપા પૂ. ઉષાબહેન અને શાંતિ સ્વરૂપા પૂજ્ય કુસુમબા હોય પછી ભક્તોનો સમૂહ....

કેટલાય ભક્તો ખંજરી અને મંજીરાનો તાલમય સાથ આપતા હોય... પૂજ્યશ્રીએ આ બે જ વાદ્યને સંમતિ આપી છે.. ખૂબ જ સમજવા જેવું છે. આ યાત્રા એટલે પૂજ્યશ્રીના પગલે પગલે પરમશક્તિ મંત્રનો જપ... સંત અને સદ્‌ગુરુ સંગાથે બોલેલા એક મંત્રનું હજારોગણું ફળ મળે... સંતના કદમમાં કદમ મિલાવવા હોય તો ભક્તએ ખૂબ જાગૃત રહેવું પડે... મંજીરાના બે પડ એટલે શ્રદ્ધા અને શરણાગતિ.. આ બંને પરસ્પર એકમેકમાં ભળી જાય ત્યારે ભક્તિનો નાદ સંભળાય.... જે સદ્‌ગુરુના શરણમાં શ્રદ્ધા અને શરણાગતિ રાખી શકતો નથી એની ગુરુભક્તિ પ્રેમમય કે આનંદમય હોતી નથી.

ખંજરીમાં આઠ ભાગ અને ખંજરી એટલે એક વર્તુળ અથવા શૂન્યનું પ્રતિક... આ આઠ ભાગમાં પતરાંના બિલ્લા ખખડે, અવાજ કરે... પૂજ્યશ્રીના નવ સૂત્રોમાંથી પ્રથમ આઠ સૂત્રોના આ પ્રતિક છે અને છેલ્લું અહમ્ જ્યારે શૂન્ય થાય ત્યારે જ આઠેય સૂત્રોનો પ્રતિસાદ પડે....

પૂજ્યશ્રીની આ કિર્તનયાત્રામાં જોડાઈને અડસઠ તીર્થનું ફળ તે જ પ્રાપ્ત કરી શકે જેના શ્રદ્ધા, શરણાગતિ અને નવસૂત્ર પાલન રણકતા હોય... અર્થાત સમાજ તેનો અનુભવ કરી શકે તેવા પ્રતિબિંબિત થતાં હોય...

પૂજ્યશ્રીની આ સમજને સો સો સલામ્ અને પૂજ્યશ્રીના આ હિંમતભર્યા કદમને નમન.. કેટલાય યોગેશ્વરનગરવાસીઓ આ યાત્રાને અને પૂજ્યશ્રીને વંદન કરવા બહાર ઉભા હોય છે.

પૂજ્યશ્રીની યાત્રામાં પૂજ્યશ્રીના પગલાંની પણ ચરણરજ માથે ચઢાવવી ઘટે.

પૂજ્યશ્રીના ચરણોમાં એક જ પ્રાર્થના કે, હે ગુરુદેવ, આપના પગલે પગલે અમને અહમ્ શૂન્ય કરી દો... અમારી શ્રદ્ધા અને શરણાગતિ ભક્તિના નાદથી મધુર બનાવી દો અને અમ દ્વારા અમલિત નવસૂત્રોને પ્રકાશિત કરી દો એટલી જ અભ્યર્થના...

ૐ મા ૐ

(૧૪) રાજવાણી

## (૧) આત્મવિશ્વાસ કેળવવો.

રાજવાણી માર્ચ - ૨૦૦૪

મારી પાસે વ્યક્તિગત મુલાકાતે આવનાર વ્યક્તિઓમાં મોટાભાગની વ્યક્તિઓ પરાશ્રયી હોય છે. આત્મવિશ્વાસની ઉણપ તેમનામાં વર્તાય છે. પોતાની જાતે પોતાના પ્રશ્નો સુલઝાવવાનો નિર્ણય કરી શક્તી નથી. મારા માર્ગદર્શનને અનુસરવાની હિંમત પણ તેઓ દાખવી શકતા નથી કારણકે, માનસિક તણાવ અને સામાજિક ભય તેમને સતાવે છે.

આવું કેમ બને છે ?

આત્મવિશ્વાસની ખામી હોય છે, નિર્ણાયક શક્તિનો અભાવ હોય ત્યારે વ્યક્તિ અસહિષ્ણુ બની જાય છે. વિચાર શક્તિ કુંઠિત બની જાય છે.

પોતાની જાત પર વિશ્વાસ રાખી આત્માના અવાજને અનુસરીને આગળ વધનાર વ્યક્તિ જીવનના જટીલ પ્રશ્નો સુપેરે સુલઝાવી શકે છે. અને સફળતાને વરે છે. આત્મશ્રધ્ધા જ સફળતાની ચાવી છે. સ્વાશ્રયી મનુષ્ય પોતેજ પોતાના સાત્વિક પુરૂષાર્થ થકી સફળતાના શિખરો સર કરી મહાન બની શકે છે. એક વસ્તુ જીવનમાં હંમેશાં યાદ રાખો કે, મનુષ્ય પોતેજ પોતાનુ પ્રારબ્ધ નિર્માણ કરે છે. પોતેજ પોતાનો શત્રુ કે મિત્ર બની શકે છે. સુખ દુઃખના ઝાડ પણ પોતેજ ઉગાડે છે. સારા માઠા કર્મોનું ફળ પ્રારબ્ધ રૂપે તેનેજ ભોગવવું પડે છે. બાળક રોગી હોયતો રોગની દવા બાળકને જ ખાવી પડે છે. અને રોગનું દુઃખ, પીડા પણ બાળકને જ ભોગવવાં પડે છે. માતા-પિતા પોતાના વહાલ સોયા બાળકનું દુઃખ લઈ શકતા નથી. કે રોગની દવા ખાઈ શકતા નથી.

ઘણા માણસો પોતાની જાતે થઈ શકે તેવા કામો માટે પણ બીજાના ઉપર આધાર રાખે છે. બીજાની મદદની અપેક્ષા રાખે છે. આવા વલણથી તેમનામાં આળસ, પ્રમાદનો પ્રવેશ થાય છે. તેઓનો આત્મવિશ્વાસ ડગવા માંડે છે. તેઓ કોઈ પણ કાર્યમાં નિર્ણય લઈ શકતા નથી.

મારી તો સલાહ છે કે, તમારૂં મનો બળ મજબુત કરો. આત્મવિશ્વાસ જાગૃત કરો. તમારામાં છુપાયેલી શક્તિઓને પહેચાનો, સ્વાશ્રયી બનો. સાત્વિક પુરુષાર્થ કરી સાત્વિક પ્રારબ્ધ નિર્માણ કરો. તમે હંમેશાં આશ્રયદાતા બનો, વાડ બની વેલાને અવલંબન આપો અને આત્મગૌરવ અનુભવો. સત્સંગ અને પરમનું સતત સાનિધ્ય તમારો આત્મવિશ્વાસ વધારવામાં સહાય ભૂત થશે.

# (૨) વેલેન્ટાઈન ડે

રાજવાણી એપ્રિલ - ૨૦૦૪

તા.૧૪-૨-૨૦૦૪ના દિવસે વેલેન્ટાઈન ડે ઉજવાઈ ગયો. પોતાના પ્રિય પાત્રને ગુલાબની ભેટ ધરી પ્રેમની અભિવ્યક્તિ કરવામાં આવે છે. આપણી યુવા પેઢી પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ કરી રહી છે. પરંતુ મારી દ્રષ્ટીએ તો આપણી મહાન આર્ય સંસ્કૃતિનું અને પ્રેમ શબ્દના વિશાળ સાતક્ચનું અધઃપતન થતું વર્તાય છે.

વેલેન્ટાઈન ડે ફક્ત સ્નેહની સરવાણીજ છે. ક્યારે સુકાઈ જાય તે નક્કી નહી. અરે! પ્રેમને પ્રદર્શિત કરવાનો ના હોય! એ તો અહર્નિશ અસ્તિત્વમાંથી અને આંખોમાંથી વહેતું નિર્મળ ઝરણુ છે. પ્રેમ કેવળ લાગણી કે આકર્ષણ કે મોહ નથી પરંતુ તેની પાછળ આધ્યાત્મ શક્તિનું બળ છે. તેથી જ તો પ્રેમ નિર્મોહ, નિઃસ્વાર્થ, નિષ્કલંક અને શાશ્વત છે. પ્રેમ તો પરમાત્માનું સ્વરૂપ છે.

અર્વાચીન યુવા પેઢીએ પ્રેમ શબ્દનો તાત્વિક અર્થ અને તેની સાત્વિક ગહનતા સમજ્યા વગર તેને વિકારની વેલથી ઢાંકીદીધો છે. અધ્યાત્મ શક્તિ વિના નો પ્રેમ એ વિકારી સ્વાર્થી સ્નેહનું રૂપ છે. સ્નેહમાં સ્વાર્થનું ધીમું ઝેર છૂપાયેલું હોય છે. સ્નેહમાં સોદાબાજી, આપ-લેની ભાવના હોય છે. સ્નેહમાં શબ્દોની માયાજાળ રચાતી રહે છે. શબ્દો કે સોદાબાજીની કડી નબળી પડતાં સ્નેહની સાંકળ ઘસાતી જાય છે. તૂટી જાય છે.

પ્રેમની એક ચિનગારી સમસ્ત વિશ્વમાં પ્રેમ રસ પ્રગટાવી શકે છે. પ્રસરાવી શકે છે. પ્રેમ પરમાત્માનું સ્વરૂપ છે, જ્યારે સ્નેહ માયાનું સ્વરૂપ છે. પ્રેમ લગ્નમાં છૂટા છોડાનું પ્રમાણ વધારે હોય છે. કારણ કે એ સાત્વિક અધ્યાત્મ પ્રેમ નથી, એતો ક્ષણિક લાગણી, આકર્ષણ ના વમળમાં અટવાયેલો સ્વાર્થી સ્નેહ માત્ર જ હોય છે. જેમાં સહનશીલતા અને સમર્પણનો છાંટોય હોતો નથી. પ્રેમની ઉજવણીનો કે અભિવ્યક્ત કરવાનો કોઈ એકજ દિવસ ન હોય. પ્રેમતો પળેપળ પ્રેમી વ્યક્તિના અંતરમાં ઉજવાતો રહે છે. રાધા અને ગોપીઓના હ્રદયમાં કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ અને કૃષ્ણનો ગોપ ગોપીઓ રાધા તેમજ સમસ્ત ગોકુળ વૃંદાવનની જડ ચેતન સૃષ્ટિ પ્રત્યેનો પ્રેમ કેવો નિર્વ્યાજ હતો! ઉભય પ્રત્યેની ન્યોછાવરી, અપેક્ષાવિહિન ભાવ લાગણી, સેવા, સમર્પણ, હોય. સંશય, અવિશ્વાસનું અસ્તિત્વ જ ન હોય ત્યારે જ તે સાચો પ્રેમ કહેવાય છે.

વહાલા બાળકો, પ્રેમ અને સ્નેહની ભેદ રેખા સમજી પરમની સૃષ્ટિના પ્રત્યેક સર્જન પ્રત્યે નિર્મળ, નિઃસ્વાર્થ, પ્રેમ જ અભિવ્યક્ત કરતા રહો. પ્રેમની ગહનતા શબ્દોમાં અભિવ્યક્ત કરી શકાય નહી. મૌન અને પ્રેમ નીતરતાં અશ્રુ જ પ્રેમની પરિભાષા હોઈ શકે. આપણી આર્ય સંસ્કૃતિનેજ અપનાવો અને વિકસાવો. આ રહ્યાં આપણી આર્યાવર્ત સંસ્કૃતિના પ્રેમ પાત્રો.

| | | |
|---|---|---|
| કૃષ્ણ સુદામા | - | મિત્રનો પ્રેમ |
| લયલા મજનું | - | બે પ્રેમીઓનો પ્રેમ |
| શ્રવણ અને માતાપિતા | - | માતાપિતા અને દિકરાનો પ્રેમ |
| વીર ભગતસિંહ | - | રાષ્ટ્રપ્રેમ |

આવા તો અનેક ઉદાહરણો આપણી સંસ્કૃતિમાં કંડરાએલા છે. વહાલા બાળકો, યુવાનો આપની આત્મીય વ્યક્તિ પ્રત્યે આપનો નિર્વ્યાજ પ્રેમની સરિતાને અવિરત વહાવતા રહેજો. દુષણો દુવૃત્તિથી આ પ્રેમગંગાના નિર્મળ વહેણને દુષિત થવા દેશો નહિં.

# (૩) પ્રાર્થનાની શક્તિ

રાજવાણી મે - ૨૦૦૪

ધારો કે ભગવાન આપણી શ્રદ્ધાને, આપણી શરણાગતિને માપવાની ઇચ્છાકરે તો તે ક્યા સાધનથી આપણને માપી શકે ?

આપણી પ્રાર્થના, અંતરના ઊંડાણમાંથી ઉદ્ભવેલું આપણું ભાવનાત્મક અસ્તિત્વ, ભાવનાત્મક ચેષ્ટા જ પરમાત્માનો માપદંડ છે. આપણી નિષ્ઠા, ધીરજ, સહનશીલતા સમર્પણભાવ, સાત્વિક પુરૂષાર્થ, પ્રેમનીતરતી શ્રદ્ધામય પ્રાર્થના જ પરમાત્માની જડમૂર્તિને ચેતનવંતી બનાવી શકે છે. પ્રાર્થના દ્વારા નિષ્પન્ન થતો આપણો સમર્પણભાવ જ આપણામાં આત્મશક્તિ જાગૃત કરી શકે છે. આપણા વ્યક્તિગત, સાંસારિક કે આત્મજાગૃતિ ના પ્રશ્નો ઉકેલવાનું એક માત્ર સાધન પ્રાર્થના છે. લઘુતાગ્રંથિ નિવારવાનો એક માત્ર ઉપાય પ્રાર્થના છે.

**"હે પરમપિતા, હે મા ભગવતી, હે પરમેશ્વરી, હે દિવ્ય માતાપિતા, હું તમારો બાળક છું મને આપની નિશ્રામાં જ રાખો. માયાના મહાસાગરમાં તરવાની હિંમત અને શક્તિ આપો, આપ મારી સાથે જ રહો, આપ જ મારા પ્રેરક બળ છો. ''**

અંતરના ઊંડાણમાંથી ઉદ્ભવતી આવી અનેક પ્રાર્થનાઓ આપણામાં આત્મશક્તિ જાગૃત કરે છે, આપણને નીડર બનાવે છે.

ઘણા બધા મને પૂછે છે કે, અમે ઉપાસના તો દરરોજ કરીએ છીએ, પ્રાર્થના પણ બોલીએ છીએ, તો પરમાત્મા અમારી પ્રાર્થના સાંભળે છે તેની પ્રતીતિ કેવી રીતે થાય ?

જે ભાવિકને પ્રતીતિ કરવી છે, ખરેખર આત્મશ્રદ્ધા પ્રગટાવવાની પ્રબળ ઇચ્છા છે તેણે પોતાની જાતને જ ઢંઢોળવી રહી...

(૧) મારી શ્રદ્ધા છે. 'Staurated' અંતિમ કક્ષાએ પહોંચેલી છે કે વિભાજીત થઇ જાય છે, કે તીરાડ પડી જાય છે ?

(૨) શંકાઓ, સંશયોને મેં નિર્મૂલ કરી નાખ્યા છે કે અંતસમયે મન શંકાઓમાં ઘેરાઇ જાય છે?

(૩) પરમાત્મા, મારા ઈષ્ટદેવને હું સર્વશક્તિમાન, સર્વજ્ઞ માનું છું, સમજુ છું અને મારા પ્રશ્નો સુલઝાવવા શક્તિમાન છે તેમ હું અંતઃકરણથી માનું છું કે, મારો વિશ્વાસ ડગુમગુ થઇ જાય છે, મારી શ્રદ્ધાને વિભાજીત કરી દે છે અને હું અન્ય દેવી દેવતાનું શરણ સ્વીકારું છું.

(૪) મારા મનને આશાવાદી, આનંદી અને શ્રદ્ધાસભર રાખવાથી મારો આત્મવિશ્વાસ વધશે તેની મને ખાત્રી છે?

(૫) મારું આંતરબાહ્ય વ્યક્તિત્વ, વર્તન અને વ્યવહાર પારદર્શક છે?

આપણું નકારાત્મક વલણ, આપણા નકારાત્મક વિચારો આપણી શ્રદ્ધાને ડગમગાવી દે છે. આપણી શક્તિઓને કુંઠિત કરી દે છે. આપણી શરણાગતિને પાંગળી બનાવી દે છે.

આપણા હકારાત્મક વિચારો આપણા આત્મવિશ્વાસને, આત્મશક્તિને દઢીભૂત કરી પરમાત્માની દિવ્યાનુભૂતિના અનુરાગી બનાવે છે. આપની આત્મિક શક્તિઓને પિછાનો અને તેને વિકસાવવાનો પ્રયત્ન કરતા રહો.

ૐ મા ૐ

# (૪) માનવ જીવનની સમૃધ્ધિ

રાજવાણી જૂન - ૨૦૦૪

મનની શાંતિ,તનની સ્વસ્થતા અને આત્માનો આનંદ જ માનવ જીવનને સર્વાંગી સમૃદ્ધ બનાવી શકે છે. આ ત્રણમાંથી એકની પણ ઉણપ હોયતો માનવ જીવન અતૃપ્ત, અશાંત અને દીનહીન બની જાય છે.

સાંપ્રત સમયમાં, સામાન્ય લોકો એવું માને છે કે, આર્થિક સધ્ધરતા અને તંદુરસ્ત શરીર જ માનવ જીવનની સમૃધ્ધિના સોપાન છે, પરંતુ આ સાચું નથી. માનવ મનમાં જ્યાં સુધી શાંતિ, સંતોષ અને સદ્‌વિચારોનું સામ્રાજ્ય સ્થાપી શકાયું ન હોય ત્યાં સુધી જીવનમાં અધૂરપ વર્તાયા કરે છે.

માનવ શરીરમાં સૂક્ષ્મ સ્વરૂપે રહેલું મન માનવ જીવનને ઉર્ધ્વગામી બનાવી સુખ શાંતિ અને આનંદનું સામ્રાજ્ય અર્પી શકે છે અને તે જ મન જો અશુદ્ધ વાતાવરણમાં અટવાઇ જાય તો માનવજીવનને અધોગામી બનાવી દુઃખ, અશાંતિ અને વિષમય ગર્તામાં ધકેલી શકે છે.

મનને ઉર્ધ્વગામી બનાવવા માટે આપણે આટલું તો અવશ્ય કરીએ જ.

(૧) આપણી વાણી વર્તન વ્યવહારનું તટસ્થપણે મૂલ્યાંકન કરી તેને હકારાત્મક ઉર્ધ્વગામી બનાવવા સતત પ્રર્યત્નશીલ રહીએ

(૨) પારકી પંચાત કરવાની કે અન્યની નિંદા કરવાનું ટાળીએ.

(૩) ઇશ્વરની ઇચ્છાને જ સર્વોપરી સમજી જીવનની દરેક પરિસ્થિતિને પ્રેમથી અપનાવી લઇએ.

(૪) કોઇપણ પરિસ્થિતિમાં માનસિક સમતુલા જાળવી રાખીએ.

(૫) કડવી વાતોને કંઠમાં જ અટકાવી દઇએ.

(૬) વર્તમાનની પળોને વિવેકથી જીવતાં અને માણતાં રહીએ.

(૭) ફરજને કે કાર્યને પૂજા સમજી પૂરી નિષ્ઠાથી કાર્ય કરીએ, અને પ્રભુને સમર્પિત કરી દઇએ.

(૮) મનને પ્રવૃતિમય બનાવી સતત પુરુષાર્થ કરતા રહીએ.

(૯) સત્ય સ્વરૂપ પરમાત્મામાં અનન્ય શ્રદ્ધા અને શરણાગતિ રાખી નામ સ્મરણ મંત્રજાપ કરીએ.

(૧૦) સત્સંગ, સ્વાધ્યાય અને નિસ્વાર્થ સેવા કાર્યથી મનના નકારાત્મક વલણને અટકાવીએ અને મિટાવી દઇએ.

(૧૧) સ્થિતપ્રજ્ઞ બનીએ, મનમાં સમત્વનો ભાવ કેળવીએ.

ૐ મા ૐ

# (૫) પ્રમાણિકતાને જીવનમાં અપનાવો
# Honesty is the best policy

રાજવાણી જુલાઇ - ૨૦૦૪

પ્રમાણિકતા એ જ સફળ અને સુખી જીવનનો પાયો છે. વેપારી પોતાની જાતને જ જ્યારે પોતાનો ગ્રાહક સમજે ત્યારે જ તેને ગ્રાહકની માંગણી અને લાગણી સમજાય. આપણને કોઇ છેતરી જાય, હલકો માલ આપે, વજનમાં ઓછો માલ આપે ત્યારે આપણે મનથી દુઃખી થઇએ છીએ અને વેપારી પ્રત્યે અવિશ્વાસ કે વિશ્વાસઘાતની લાગણી અનુભવીએ છીએ.

સફળ વેપારનો પાયો સત્ય અને પ્રમાણિકતા છે. અમુક દુકાન પર કોઇપણ ગ્રાહક, નાનું બાળક હોય, ભણેલો કે અભણ હોય, છેતરવામાં આવતો નથી. નફાનું ધોરણ પ્રમાણસર છે. ભેળસેળ કે તોલમાપમાં પણ બરાબર હોય છે.

જો આ નિયમ બધા જ વેપારીઓ અજમાવે તો ? વળી આવી જ પ્રમાણિક ભાવના દરેક વ્યક્તિ પોતાના કાર્યક્ષેત્રમાં અપનાવે તો દેશની પ્રતિષ્ઠા વધી જાય, રાષ્ટ્રનું ગૌરવ વધે.

વ્યક્તિગત સ્વાર્થ, રાષ્ટ્રિય ચારિત્ર્યને બટ્ટો લગાડવામાં અગત્યનો ભાગ ભજવે છે. માન મરતબો, પ્રતિષ્ઠા અને ધન કમાવવાની લાલસા જ્યારે માનવમનમાં જન્મે છે ત્યારે તે સ્વાર્થી લોભી અને ઇર્ષ્યાળુ બની જાય છે અને સારા સારનો વિવેક વિસરી જાય છે.

પૂરો માલ, સાચુ તોલમાપ, સાચો નમૂનો, પૂરેપૂરી નોકરીમાં ધંધામાં પ્રમાણિકતા અને વચન પાલન એ ઇમાનદાર વ્યક્તિના લક્ષણ છે. જો આપણે સુખમય જીવન જીવવું હોય તો પ્રમાણિકતાને જીવનમાં અપનાવીએ.

## (૬) આળસની વિષવેલને કાપી નાખીએ

રાજવાણી ઓગષ્ટ - ૨૦૦૪

**" મને કંટાળો આવે છે."** "મને કામ કરવું ગમતું નથી " વગેરે વગેરે વાક્ય આળસુ વ્યક્તિના મુખમાંથી અવારનવાર સરી પડે છે. કોઇપણ કાર્ય મુલત્વી રાખવાનો વિચાર આવે તો સમજી લેવું કે, આપણામાં આળસનો પ્રવેશ થઇ ચૂક્યો છે. ચોર ઘરમાં પેસીને ભૌતિક વસ્તુઓ ચોરી જાય છે તેમ આળસ રૂપી ચોર મનમાં પ્રવેશીને આપણા મનોબળને હણી નાખે છે. શારીરિક અને બૌધ્ધિક શક્તિ ક્ષીણ કરી નાખે છે, જીવનને લૂંટી લે છે. આળસ એટલે જ પ્રમાદ જે વિનાશકારી છે. આળસ એ તો મનમાં વ્યાયેલું અને શરીરમાં પ્રસરી રહેલું ધીમું ઝેર છે. કેટલાય તેજસ્વી વ્યક્તિઓ આળસના આવરણમાં એટલી બધી અટવાઇ જાય છે કે તે પોતાનું સત્વ પોતાની શક્તિ ખોઇ બેસે છે.

આળસની નિકટની સખી ઉંઘ છે. વધુ પડતી ઉંઘ મન અને ઇન્દ્રિયોને શિથિલ બનાવી દે છે. કાર્યશક્તિ ઘટાડી દે છે. આર્થિક ઉપાર્જન અને સામાજિક સબંધો ક્ષીણ થતા જાય છે. શરીર સ્વાસ્થ્ય કથળે છે. રોગ, અપચો, અનિંદ્રા, તામસી પ્રકૃતિના શિકાર બની જવાય છે.

પ્રમાદને પ્રવેશબંધી ફરમાવવા માટે આપણે શું કરવું જોઇએ ?

૧. પ્રમાદને આપણા વ્યક્તિત્વની પરિધિમાં પ્રવેશ બંધી ફરમાવો, આળસના આગમન વેળાએ સતર્ક બની પ્રવૃતિ કરવાનું શરૂ કરો.

૨. મનોબળ મજબૂત બનાવવા માટે શિસ્ત અને સંયમનું આચરણ કરો.

૩. પરિશ્રમ અને પુરુષાર્થને જ જીવનનો મુદ્રાલેખ બનાવો.

૪. પોતાની ઉંમર તેમજ શારીરિક, માનસિક પરિશ્રમના અનુસંધાનમાં ઊંઘવાનો સમય અને માત્રા નક્કી કરો, સામાન્ય વ્યક્તિને છ થી આઠ કલાકની ઊંઘ પૂરતી થઇ રહે છે.

૫. દિવસ દરમિયાન ક્યારેય ઊંઘવું નહિં.

૬. આરામ અને આળસનો ભેદ સમજો. આરામથી મન અને શરીરમાં પ્રસન્નતા, તાજગી પ્રસરી જાય છે. કાર્યશક્તિ વધે છે. સૂઇ રહેવાથી જ આરામ મળે તેવું નથી. મનને મનગમતા માહોલમાં મહાલવા દેવાથી પણ આળસ મળી જાય છે.

આળસ એ માનસિક વિકૃતિ છે. લંકાપતિ મહાવિદ્વાન રાવણને જીવનમાં ત્રણ કાર્યો કરવાં હતાં

૧. સ્વર્ગમાં જવા માટે સીડી બનાવવી હતી.
૨. સમુદ્રના ખારા પાણી મીઠાં કરવાં હતાં.
૩. સોનામાં સુગંધ ભેળવવી હતી.

આળસ અને મુલત્વી રાખવાની વૃતિને લીધે તે આવા મહાન વિચોરોને સંકલ્પબધ્ધ કરી શક્યો નહિં.

૭. આહાર વિહાર અને આળસ આરામની મર્યાદા-સમય અને શક્તિની મર્યાદા સમજીને જ ઉપયોગ કરો.

**" અતિરેક સર્વત્ર વર્જયતે "**

૮. સૂર્યોદય પહેલાં જ ઊઠવાનું રાખો.

૯. મનને અને શરીરને હંમેશાં પ્રવૃતિશીલ રાખો. તમારા વ્યવસાય, શોખ અને સેવાના કાર્યમાં મનને પ્રવૃત થવા દો.

૧૦. અશ્લિલ ચિત્રો, ઉત્તેજક વાતાવરણ, ખાણી પીણી, સૂર્યાસ્ત પછીનું અને મોડી રાતનું જમણ શાંતિ દાયક નિંદ્રામાં બાધક બને છે. જમ્યા પછી ચાર પાંચ કલાક પછી જ સૂવાનો સમયગાળો હોવો જોઇએ. સાત્વિક, શુધ્ધ આહાર વિહાર અને વાતાવરણથી મનમાં પ્રસન્નતા વ્યાપી રહે છે.

૧૧. સત્સંગ, સ્વાધ્યાય કે પ્રાર્થના કર્યા પછી જ સૂઇ જવાથી શાંતિથી ઊંઘ આવી જાય છે.

૧૨. પોતાનું કાર્ય જાતે જ કરવાનો આગ્રહ રાખો. સ્વાશ્રયી બનો.

૧૩. રચનાત્મક વિચારોને સંકલ્પબધ્ધ કરી આચરણમાં મૂકો.

૧૪. ઉત્સાહપૂર્વક અને આત્મસંતોષ થાય તેવું અને તે પ્રમાણે કાર્ય કરવાનો આગ્રહ રાખો.

૧૫. સારી સોબત સત્સંગ, સ્વાધ્યાય અને સંતસમાગમ મનની મલિનતાને દૂર કરવા સક્ષમ છે.

ૐ મા ૐ

# સમાચાર

## આસો નવરાત્રિ

આસો મહિનાની નવરાત્રિ મહોત્સવ આઠ દિવસનો છે. તા. ૧૫-૧૦-૦૪ થી ૨૨-૧૦-૨૦૦૪ વિશિષ્ટ ઉપાસના કરવા ઇચ્છતા ભાવિકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

## નૂતન વર્ષ

તા. ૧૩-૧૧-૦૪ શનિવાર નૂતન વર્ષ છે. ભાવિકોને નૂતનવર્ષાભિનંદન સહ આશીર્વાદ. શ્રધ્ધા કુટીરમાં પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે. સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી.

## સેવા યજ્ઞ - ભારતમાં

નવેમ્બર ૨૦૦૪ થી ૨૦૦૫ માર્ચ

### સુરત

| | તારીખ | વાર | સમય | સરનામું |
|---|---|---|---|---|
| (૧) | ૧૭-૧૧-૨૦૦૪ | બુધવાર | ૧૨-૪ | શ્રી ભગવાનદાસ બી. જરીવાલા |
| | ૧૮-૧૧-૨૦૦૪ | ગુરુવાર | ૧૨-૪ | વિજયનગર કો. ઓ. હા. સોસાયટી, |
| (૨) | ૧૯-૦૨-૨૦૦૫ | શનિવાર | ૧૨-૪ | દયાલબાગની બાજુમાં, મજુરા ગેટ, |
| | ૨૦-૦૨-૨૦૦૫ | રવિવાર | ૧૨-૪ | સુરત. |

### મુંબઈમાં

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ૨૭-૧૧-૨૦૦૪ | શનિવાર | ૧૨-૪ | અહલ્યા આશ્રમ, (ઉત્કર્ષ) ટી.પી.એચ.એસ. ૭ મો ગોળીબાર રોડ, ગોવિંદધામ આશ્રમ સામે, શાન્તાક્રુઝ, ઇસ્ટ મુંબઇ. |
| | ૨૮-૧૧-૨૦૦૪ | રવિવાર | ૧૨-૪ | લક્ષ્મીબાગ, ઓપેરાહાઉસ, ચર્નીરોડ, મુંબઈ. |
| (૨) | ૧૯-૦૩-૨૦૦૫ | શનિવાર | ૧૨-૪ | લક્ષ્મીબાગ, ઓપેરાહાઉસ, ચર્નીરોડ, મુંબઈ. |
| | ૨૦-૦૩-૨૦૦૫ | રવિવાર | ૧૨-૪ | લક્ષ્મીબાગ, ઓપેરાહાઉસ, ચર્નીરોડ, મુંબઈ. |

### નાગપુર

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ૩૦-૧૧-૨૦૦૪ | મંગળવાર | ૧૨-૪ | શ્રી વજુભાઈ ગગલાણી ઈતવારી કો. ઓ. હા. સોસાયટી, પોસ્ટ ઓફીસની બાજુમાં, નાગપુર. |

### નીલોષા અમદાવાદમાં કાર્યયજ્ઞ બંધ

૧. તા. ૧૦-૧૧-૨૦૦૪ બુધવાર
૨. તા. ૧૭-૧૨-૨૦૦૪ થી તા. ૨૬-૦૧-૨૦૦૫
૩. તા. ૧૮-૦૨-૨૦૦૫ થી તા. ૨૧-૦૨-૨૦૦૫
૪. તા. ૧૭-૦૩-૨૦૦૫ થી તા. ૨૧-૦૩-૨૦૦૫

### નીલોષા અમદાવાદમાં કાર્યયજ્ઞ ચાલુ

૧. તા. ૦૬-૧૨-૨૦૦૪ થી તા. ૧૬-૧૨-૨૦૦૪
૨. તા. ૨૭-૦૧-૨૦૦૫ થી તા. ૧૭-૦૨-૨૦૦૪
૩. તા. ૨૨-૦૨-૨૦૦૫ થી તા. ૧૬-૦૩-૨૦૦૫
૪. તા. ૨૨-૦૩-૨૦૦૫ થી ચાલુ

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

## ઈંગ્લેન્ડ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૬-૧૨-૦૪ | રવિવાર સાંજે | ૩ થી ૫ | ૯ ઓલ્ફીન | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૨૭-૧૨-૦૪ | સોમવાર સાંજે | ૩ થી ૫ | સ્ટ્રીટ, લેસ્ટર. | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૦૧-૦૧-૦૫ | શનિવાર સાંજે | ૩ થી ૫ | ,, | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૦૨-૦૧-૦૫ | રવિવાર સાંજે | ૩ થી ૫ | ,, | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૦૮-૦૧-૦૫ | શનિવાર સાંજે | ૩ થી ૫ | વેમ્બલી લંડન | સુશીલાબેન પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |
| ૦૯-૦૧-૦૫ | રવિવાર સાંજે | ૩ થી ૫ | વેમ્બલી લંડન | સુશીલાબેન પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |

## નૂતન વર્ષનો સંદેશ

*તમારા સમસ્ત જીવનને-પ્રેમથી છલકાવી દો.*
*સ્મિતથી સભર બનાવી દો.*
*વિશ્વાસ, સહાનભૂતિ અને સચ્ચાઈ કેળવો.*
*અહમ્‌ને ઓળખી ઓગાળી નાખો.*
*સાત્વિક આનન્દની પ્રાપ્તિનો પ્રયત્ન કરો.*
*સ્થિતપ્રજ્ઞ બનો. વૈરાગી રહો.*
*તમે આ ધારો છો એટલું દુષ્કર નથી.*
*સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે.*
*ધીરજ ધરો. સહનશીલ બનો.*
*મિત્રોમાં અવશ્ય વૃદ્ધિ થશે.*
*શત્રુ મૈત્રીનો હાથ લંબાવશે.*
*કોઈપણ પરિસ્થિતિમાં નમાલાં ન બનો.*
*ખુમારી કેળવો. જીવનને ખમીરવન્તુ બનાવો.*
*જુઓ, દશે દિશાઓમાંથી ઈશ્વરીય સહાય તમને મળી રહી છે.*
*ગભરાઓ નહિ. કાર્ય કર્યે જાઓ.*
*હવે, સફળતાની સરહદો બહુ દૂર નથી.*

રાજયોગી નરેન્દ્રજીના આશીર્વાદ સહ

*નૂતન વર્ષાભિનંદન*